C.C. No.914 / 2008
With C.C. NO. 61/2015

GJSK030002422008

દાખલ તારીખ : ૧૭–૦૫–૨૦૦૮
રજીસ્ટર તારીખ : ૧૭–૦૫–૨૦૦૮
ફેંસલ તારીખ : ૦૨–૦૪–૨૦૨૬
અવધિ :૧૭–વર્ષ ૧૦–માસ–૧૬ દિવસ

**<u>ફોર્મ – એ</u>**

**પ્રાંતિજ ના એડી. ચીફ . જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પ્રાંતિજ**

**(જજમેન્ટ આપ્યાની તારીખ : ૦૨/૦૪/૨૦૨૬)**

**(કેસ નં.૯૧૪/૨૦૦૮ )**

**પ્રાંતિજ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૨૫/૨૦૦૮**

**(કલમ : ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ મુજબ )**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે એ.પી.પી.શ્રી | કે.એ.પટેલ |
| આરોપી | (૧)દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા<br>રહે.કમાલપુર,તા.પ્રાંતિજ ,જી. સાબરકાંઠા.<br>(૨) રોહીતભાઈ પરશોતમદાસ પટેલ<br>રહે. સમલાપુર, તા. ઈડર, જી. સાબરકાંઠા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી નં.(૧) તરફે એન.ડી.રાઠોડ<br>આરોપી નં.(૨) તરફે એ.જે.ચાવડા |

**<u>ફોર્મ – બી</u>**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૩૦/૧/૨૦૦૮ અગાઉ કોઈપણ સમયે |
| એફ.આઈ.આર. ની તારીખ | તા.૦૭/૨/૨૦૦૮ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૬/૫/૨૦૦૮ |
| તહોમતનામું ઘડયાની તારીખ | તા.૧૯/૧/૨૦૦૮ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | તા.૧૯/૧/૨૦૦૮ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | તા.૦૨/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | તા.૦૨/૦૪/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | --- |

**<u>આરોપીની વિગતો</u>**

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા / નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડ ની સે. ૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિનેશ સિંહ ગુલાબ સિંહ ઝાલા | તા.૧૮ / ૨/ ૨૦૦૮ | તા.૧/ ૭/૨૦૦૮ | ઈ.પી. કો. કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ ,૪૨૦, ૧૧૪ | નિર્દોષ ઠરાવી છોડી મુકયો. | – | – |
| ૨. | રોહીત ભાઈ પરશોત | તા.૨૦ /૦૨/ ૨૦૦૮ | તા.૦૪/ ૦૭/ ૨૦૦૮ | ઈ.પી.કો. કલમ– | છોડી મુકયો. | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | મદાસ પટેલ | | | ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ ,૪૨૦, ૧૧૪ | | | |

GJSK030001162015

દાખલ તારીખ : ૧૯-૦૧-૨૦૧૫
રજીસ્ટર તારીખ : ૧૯-૦૧-૨૦૧૫
ફેંસલ તારીખ : ૦૨-૦૪-૨૦૨૬
અવધિ : ૧૧- વર્ષ ૨- માસ-૧૪ દિવસ

**<u>ફોર્મ - એ</u>**

**પ્રાંતિજ ના એડી. ચીફ . જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પ્રાંતિજ**

**(જજમેન્ટ આપ્યાની તારીખ : ૦૨/૦૪/૨૦૨૬)**

**(કેસ નં.૬૧/૨૦૧૫ )**

**પ્રાંતિજ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૨૫/૨૦૦૮**

**(કલમ : ઈ.પી.કો. કલમ-૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ મુજબ )**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે એ.પી.પી.શ્રી | કે.એ.પટેલ |
| આરોપી | રાજુભાઈ કચરાભાઈ પટેલ |

| | |
|---|---|
| | રહે.રાજઅક્ષર સોસાયટી મકાન નં. ૮ હાડગુડ આણંદ,તા.જી.આણંદ મુળ રહે.છત્રાલ મોટો માઢ, તા.કલોલ,જી.ગાંધીનગર |
| આરોપી તરફે વિ.વ.શ્રી | ડી.એ.દરબાર |

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૩૦/૧/૨૦૦૮ અગાઉ કોઈપણ સમયે |
| એફ.આઈ.આર. ની તારીખ | તા.૦૭/૨/૨૦૦૮ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૬/૧/૨૦૧૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | તા.૧૯/૯/૨૦૧૫ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | તા.૧૯/૯/૨૦૧૫ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | તા.૦૨/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | તા. ૦૨/૦૪/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | ––– |

## આરોપીની વિગતો

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા / નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડની સે. ૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાજુભાઈ કચરા | તા.૨૦/૧૨/ | તા.૩૧/૧૨ | ઈ.પી.કો. | નિર્દોષ ઠરાવી | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ભાઈ પટેલ | ૨૦૧૪ | /૨૦૧૪ | કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ | છોડી મુકયો. | | |

## ફોર્મ – સી

### એ – ફરીયાદપક્ષના સાક્ષી

| નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| PW1 | ૯૭ | ફરીયાદી સતીષ પ્રભુધ્યાલ સીંઘલ | મૌખીક પુરાવો |
| PW2 | ૧૧૫ | સાહેદ રમણલાલ જીવણલાલ વાઘેલા | મૌખીક પુરાવો |
| PW3 | ૧૩૩ | સાહેદ રમેશભાઈ મોહનલાલ પટેલ | મૌખીક પુરાવો |
| PW4 | ૧૭૫ | સાહેદ દિનેશભાઈ સદાભાઈ પરમાર | મૌખીક પુરાવો |
| PW5 | ૧૮૫ | સાહેદ જનકભાઈ મોહનલાલ સુથાર | મૌખીક પુરાવો |
| PW6 | ૧૮૬ | સાહેદ રમણભાઈ શનાભાઈ રાઠોડ | મૌખીક પુરાવો |
| PW7 | ૧૮૭ | સાહેદ જગતસિંહ ધુળસિંહ રાઠોડ | મૌખીક પુરાવો |
| PW8 | ૧૯૧ | પંચસાહેદ વિષ્ણુપ્રસાદ હરીભાઈ લીંબાચીયા | મૌખીક પુરાવો |
| PW9 | ૨૦૬ | સાહેદ રાકેશકુમાર બાબુલાલ દોશી | મૌખીક પુરાવો |
| PW10 | ૨૨૬ | ત.ક.અ. અઠાભાઈ લાલજીભાઈ ચૌધરી (ફોજદારી કેસ નં. ૯૧૪/૨૦૦૮) | મૌખીક પુરાવો |
| PW11 | ૨૨૯ | ત.ક.અ. ઓઘારભાઈ મફતભાઈ દેસાઈ (ફોજદારી કેસ નં. ૯૧૪/૨૦૦૮) | મૌખીક પુરાવો |
| PW12 | ૨૩૨ | ત.ક.અ. કીરીટસિંહ પ્રવિણસિંહ ચાવડા | મૌખીક પુરાવો |

| | | | |
|---|---|---|---|
| | | (ફોજદારી કેસ નં. ૬૧/૨૦૧૫) | |

## બી – આરોપીપક્ષના સાક્ષી

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW1 | | |
| DW2 | | |

## સી – કોર્ટ તરફેના સાક્ષી

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW1 | | |
| CW2 | | |

## એ – ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો

| નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૯૮ | ફરીયાદ |
| ૨ | ૯૯ | દેના બેંકની ક્રેડીટ નોટ સયુંકત નકલ |
| ૩ | ૧૦૦ | દેના બેંકનો પત્ર |
| ૪ | ૧૦૧ | દેના બેંકના HMT/GEN/30/35 નો પત્ર |
| ૫ | ૧૦૨ | દેના બેંકના રીટર્ન મેમા |
| ૬ | ૧૦૩ | ડિમાન્ડ ડ્રાફ્ટ |
| ૭ | ૧૧૬ | બેંક સ્ટેટમેન્ટની નકલ |
| ૮ | ૧૭૬ | બેંકે હિંમતનગર શાખાને લેટર નં.HMP/ GEN / 30/35 વાળો પત્ર |
| ૯ | ૧૭૭ | દેના બેંકનો પત્ર |
| ૧૦ | ૧૯૨ | પંચનામું |
| ૧૧. | ૨૦૭ | પેમેન્ટ રોકી રાખવા બાબતનો બેંકનો પત્ર |
| ૧૨ | ૨૦૮ | એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ |

| | | |
|---|---|---|
| ૧૩ | ૨૦૯ | ફોર્મ નં.૬૦ |
| ૧૪ | ૨૧૦,૨૧૧ | એકાઉન્ટ સ્ટેટમેન્ટ |
| ૧૫ | ૨૧૨ થી ૨૧૫ | દેના બેંકના કાગળો |
| ૧૬ | ૨૩૦ | સુચીપત્ર |

**<u>બી – આરોપીપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો</u>**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આંક D-1/DW 1 | |
| ૨ | આંક D-2/DW 2 | |

**<u>સી – કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો</u>**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આંક D-1/DW 1 | |
| ૨ | આંક D-2/DW 2 | |

**<u>ડી – મહત્વની વસ્તુઓ</u>**

| નંબર | મહત્વની વસ્તુઓના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | MO 1 | |
| ૨ | MO 2 | |

**<u>–: ઠરાવ :–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તમો આરોપી તથા આ ગુનાના અન્ય આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી બેંક ઓફ બરોડા કડી શાખાનો એકાઉન્ટ પે ડ્રાફ્ટ નં.૪૫૧૪૧૬ ,રૂા.૪,૮૪,૦૦૦/– નો બનાવટી તા.૩૦/૧/૨૦૦૮ થી બનાવી તે ખોટો હોવાનું જાણવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરી તથા તમો આરોપીએ મોજે– પ્રાંતિજ દેના બેંક

શાખામાં તમારા ખાતા નં.૧૨૫૮૫ માં તા.૩/૧/૦૮ માં તા.૩૧/૧/૦૮ ના રોજ કલીયરીંગ માટે નાખી બેંક સાથે વિશ્વાસઘાત કરી ભારતીય દંડ સંહીતા ની કલમ– ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદી એ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૨૫/૦૮ થી ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે. સબબ કામે બે ચાર્જશીટો રજુ છે જેમા પ્રથમ ચાર્જશીટ રજુ થયેલ તેને ફોજદારી કેસ નં. ૯૧૪/૨૦૦૮ આપેલ છે અને અન્ય આરોપી રાજુભાઈ કચરાભાઈ પટેલનાઓનુ પુરવણી ચાર્જશીટ રજુ થતા તેને ફોજદારી કેસ નં. ૬૧/૨૦૧૫ આપેલ છે. બંને કેસોને નામ. ડિસ્ટ્રીકટ કોર્ટના હુકમ જયુડીશયલ/ એ / ક્રીમીનલ / ૭૦૭/ ૨૦૧૮ અન્વયે એક જ કોર્ટમા સાથે ચલાવવા હુકમ થયેલ.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, ફોજદારી કેસ નં. ૯૧૪/ ૨૦૦૮ મા આરોપી હાજર થયેલ સબબ કામે આરોપી નં.૧ હાજર થયેલ અને બીજા આરોપી ને વારંવાર પ્રોસેસો કાઢવા છતા તે બજેલ ન હોય તેમજ નજીક ના ભવિષ્યમાં તે મળી આવવાની સંભાવના ન હોય અમારા પુરોગામી જજ સાહેબશ્રી એ સદર કેસ આરોપી નં.૨ પુરતુ આરોપીની ગેરહાજરી મા કામ ચલાવવાનો ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે હુકમ કરેલ અને આરોપી નં.૧ ને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૬૯ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૭૦ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કેસ

નં. ૬૧/૨૦૧૫ ધ્યાને લેતા તેમા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૮ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૯ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૭૬ અન્વયે આ બે કેસો સાથે ફોજદારી કેસ નં .૩૬૩/૨૦૧૮ કોન્સોલેટેડ ચલાવવાની અરજી રજુ થતા જે મંજુર થયેલ ત્યારબાદ આંક–૧૭૦ થી સદર કેસ અલગ ચલાવવાની અરજી આવતા ફોજદારી કેસ નં.૩૬૩/૨૦૧૮ અલગ ચલાવી ફોજદારી કેસ નં. ૯૧૪/૨૦૦૮ અને ફોજદારી કેસ નં. ૬૧/૨૦૧૫ સાથે ચલાવાવાનો હુકમ થયેલ છે. સદર કામે કેસ ઘણો જુનો હોવાથી સાહેદ વિલસન ફાર્મટ, દિપકભાઈ પદમાકર થેવડે જે તે સમયે બેંક કર્મચારી હોઈ તેઓના સરનામે તેઓ મળી આવેલ ના હોઈ નામદાર કોર્ટ ધ્વારા સાહેદને હાજર રખાવવા પુરતા પ્રયત્નો કરેલ છે છતા તેઓના નવા સરનામા મળી આવેલ નહી આથી સરકારશ્રી તરફથી મૌખીક રીતે ડ્રોપ કરવામા આવેલ છે તેવી જ રીતે કેસ ઘણો જુનો હોવાથી સાહેદ મળી ના આવવાના કારણે સાહેદ ભરતકુમાર જોષી, રાજુભાઈ મોહનભાઈ પટેલ, ને સરકારશ્રી તરફથી ડ્રોપ કરવામા આવેલ છે તેમજ અન્ય સાહેદ મનીષકુમાર કાન્તીલાલ પટેલ ગુજરી જતા તપાસી શકેલ નથી.

(૩) ત્યાર બાદ ફરિયાદી પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ. પ્રો. કો. કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો હોઈ નોધવામાં આવેલ છે તેમા અમો તદન નિર્દોષ છીએ.બનાવ બાબતે અમો કશુ જાણતા નથી. ખોટી ફરીયાદ કરેલ છે. ત્યાર બાદ આરોપી સામેના કેસ સંદર્ભે

પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે આરોપીના વિ. વકીલશ્રી ની લંબાણ પુર્વકની દલીલો સાંભળી.

**(૪)** હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તમો આરોપી તથા આ ગુનાના અન્ય આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી બેંક ઓફ બરોડા કડી શાખાનો એકાઉન્ટ પે ડ્રાફ્ટ નં.૪૫૧૪૧૬ ,રૂા.૪,૮૪,૦૦૦/- નો બનાવટી તા.૩૦/૧/૨૦૦૮ થી બનાવી તે ખોટો હોવાનું જાણવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરી તથા તમો આરોપીએ મોજે- પ્રાંતિજ દેના બેંક શાખામાં તમારા ખાતા નં.૧૨૫૮૫ માં તા.૩/૧/૦૮ માં તા.૩૧/૧/૦૮ ના રોજ કલીયરીંગ માટે નાખી બેંક સાથે વિશ્વાસઘાત કરી ભારતીય દંડસંહીતાની કલમ-૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કારણો :-</u>**

(૭) **<u>મુદ્દા નંબર–૧ :–</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. આ કામે આંક–૯૭ થી સદર કેસના ફરીયાદી સતીષ પ્રભુધ્યાલ સીંઘલ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું જુલાઈ ૨૦૦૭ થી નવેમ્બર ૨૦૦૯ સુધી બેંક ઓફ બરોડા હિંમતનગર શાખામાં મેનેજર તરીકે મારી ફરજ બજાવતો હતો. અમારી બેંક બેંક ઓફ બરોડા કોર્પોરેટ બોડી છે અને બેંકીગનો વ્યવસાય કરે છે અને તેની હેડ ઓફિસ માંડવી વડોદરા મધ્યે, રીજીયોનલ ઓફિસ મહેસાણા તથા તેની શાખાઓ પૈકી એક શાખા હિંમતનગર મુકામે પણ આવેલ છે. હું હિંમતનગર શાખામાં મેનેજર તરીકે મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે તા.૪/૨/૦૮ ના રોજ અમે એક ડી.ડી. કે જે રૂપિયા ૪, ૮૪, ૦૦૦/– નો હતો તે પાસ કરેલ હતો. આ ડી.ડી. કલીયરીંગ માટે દેના બેંક પ્રાં તિજથી અમારી પાસે આવેલ હતો. તા.૪/૨/૦૮ના રોજ બપોરના આશરે બેએક વાગ્યાના સમયે અમારી બેંકના રીકંસીલેશન વિભાગ વડોદરાથી ફોન આવેલ કે તમોએ આ જે રૂપિયા ૪,૮૪,૦૦૦/– ના ડી.ડી.નું પેમેન્ટ કરેલ છે તે ડી.ડી.ખોટો છે. જો આ ડી.ડી.નું તમે પેમેન્ટ કરેલ હોય તો તેને પરત મેળવો અને જો ના કરેલ હોય તો સ્ટોપ પેમેન્ટ કરી દો. આ ડી. ડી. કડી શાખા, મહેસાણાથી ઈશ્યુ કરવામાં આવેલ હતો. અમારી રીકંસીલેશન વિભાગ માંથી ફોન આવતા મે કડી શાખાના બ્રાન્ચ હેડ ચીફ મેનેજરનો ફોન ધ્વારા સંપર્ક કરેલ અને તેઓને મે પુછેલ કે તમોએ આ રૂપિયા ૪, ૮૪, ૦૦૦/– વાળો ડી.ડી. ઈશ્યુ કરેલ છે કે કેમ. તો અમારી કડી શાખાના મેનેજર શ્રી એ કહેલ કે તેમની શાખામાંથી આવો કોઈ જ ડી.ડી. ઈશ્યુ કરવામાં આવેલ નથી. ત્યાર બાદ મે પ્રાંતિજ દેના બેંકમાં આ બાબતે ફોન કરેલો અને દેના બેંક ના મેનેજરશ્રીને જણાવેલ કે તમારા ત્યાથી જે

ડી.ડી. કલીયરીંગ માટે આવેલ અને જેનું પેમેન્ટ અમે કરેલ છે તે ડી.ડી. ફેક છે તેથી આ ડી.ડી. ના પૈસા જે તે ખાતેદારને આપતા નહી અને આ પૈસા અમારી બેંકને પરત કરી આપો. આ વખતે દેના બેકના મેનેજરે મને કહેલ કે, તમે આ બાબતે ફરીયાદ કરો. જેથી મે દેનાબેકના મેનેજરને જે ખાતામાં આ ડી.ડી. જમાં કરવામાં આવેલ તે ખાતેદારની નામ સરનામાંની વિગતો માગેલ. ત્યાર બાદ આ જે ખાતેદારનું નામ હતુ તેનો આધાર લઈને મે પ્રાંતિજ દેનાબેક શાખાને એક પત્ર લખેલ અને અમારી રકમ કે જે ફેક ડી.ડી.ની ચુકવાઈ ગયેલ તે પરત કરવા જણાવેલ. ત્યાર બાદ સદર બનાવ અંગે મે પ્રાંતિજ પોલીસમાં લ ેખિત ફરીયાદ આપેલી. મને આજરોજ મારી તા.૦૬–૦૨–૨૦૦૮ ના રોજની બનાવ અંગેની મે પોલીસમાં આપેલ અસલ લેખિત ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી અને સિકકો છે. જે હું ઓળખી બતાવુ છુ. સદર ફરીયાદ પુરાવામાં રજુ દાખલ આંક–૯૮ આપવામાં આવે છે. સદર ફરીયાદમાં જણાવેલ તમામ વિગતો અમારી કચેરીના તેમજ દેનાબેકના રેકર્ડ પ્રમાણે તેમજ મારી જાણ પ્રમાણે સાચી અને ખરી છે. ફરીયાદ આપ્યા બાદ પોલીસે મારો બે ત્રણ વાર જવાબ લીધેલો. મે પોલીસને ઓરીજનલ ફેક ડીડી આપેલો. તેમજ અમારો દેના બેક,પ્રાં તિજ સાથે જે પત્ર વ્યવહાર થયેલો તેની નકલ આપેલી. મને આજરોજ મે પોલીસને આપેલ દેના બેક સાથે પત્ર વ્યવહારમાંથી બચત ખાતા નંબર : ૧ ૨૫૮૫ માં રૂા.૪,૮૪,૦૦૦/– નો ડી.ડી. જમા કરાવેલ તેની રસીદની નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, સદર નકલ મે મારા જવાબ સાથે પોલીસને આપેલ તે જ છે. મને આજરોજ મે પોલીસને આપેલ દેનાબેકની ક્રેડીટ નોટની નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, સદર નકલ મે મારા જવાબ સાથે પોલીસને આપેલ તે જ છે અને સદર ક્રેડીટ નોટથી

દેના બેકે ફેક ડી.ડી.ના પૈસા અમારી બેંકને પરત કરેલા તે અંગેની વિગતો તેમાં જણાવેલ છે. સદર બન્ને દસ્તાવેજો ફોટો કોપી હોય, બચાવ પક્ષે આંકે પાડવા સામે વાંધો દર્શાવેલ છે. જયારે વિએપીપીશ્રીએ રજુ કરેલ છે કે, સદર બન્ને દસ્તાવેજો બેકના રોજબરોજના વ્યવહાર અન્વયે એક બેંકે બીજી બેંક સાથે પત્ર વ્યવહારો કરેલા તે છે અને તેમાં બેંકના સહી–સિકકા છે તેમજ ખાતેદારની વિગતો તેમજ વ્યવહારની વિગતો દર્શાવેલ છે અને સદર દસ્તાવેજો વ્યવહારના સામાન્ય ક્રમ મુજબ થયેલ છે અને અસલ પત્ર વ્યવહાર જે તે બેકની પાસે રહે છે અને સદર દસ્તાવેજોની જેન્યુઈટીને ના માનવાને કોઈ કારણ નથી અને આવેલ સાહેદ સદર દસ્તાવેજ જાતે પોલીસને આપેલાનું જણાવતાં હોય આ તમામ બાબતો ઘ્યાને લઈ સદર દસ્તાવેજોને આંક આપવા વિનંતી છે. બંને પક્ષની રજુઆત ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૬૩ ની પેટા કલમ–ર તથા કલમ–૧૧૪ ના ઉદાહરણ (ઈ) સાથે લક્ષ્યમાં લ ેતાં સદર બન્ને દસ્તાવેજો યોગ્ય રીતે રજુ થયેલ હોય તેમજ પુરવાર થયેલ હોય પુરાવામાં સંયુકત રીતે રજુ દાખલ આંક–૯૯ આપવામાં આવે છે. મને આજરોજ મે પોલીસને આપેલ દેના બેંકની ડેબીટ નોટની નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, સદર નકલ મે મારા જવાબ સાથે પોલીસને આપેલ તે જ છે અને સદર ડેબીટ નોટ થી દેના બેકે ફેક ડી. ડી. ના પૈસા જે ખાતેદારના ખાતામાં ક્રેડીટ કરેલા હતા તેમાંથી ડેબીટ કરેલ છે તે અંગેની છે જે હું ઓળખી બતાવું છું. સદર ડેબીટનોટને રજુ દાખલ આંક–૧૦૦ આપવામાં આવે છે. અમારી બેંકને પરત કરેલા તે અંગેની વિગતો તેમાં જણાવેલ છે. મને આજરોજ મે દેનાબેક હિમતનગર શાખાના ચીફ મેનેજરને ઉદ્દેશીને લખેલ અમારા ઘ્વારા તેમની બેંકમાંથી જે ડી.ડી. કલીયરીંગ માટે આવેલ તે ફેક ડી.ડી.નું પેમેન્ટ કરી દીઘેલ હોય સદર પેમેન્ટ તેમની પ્રાં

તિજ શાખામાં આવેલ ડી.ડી. અન્વયે રૂા.૪,૮૪,૦૦૦/- ચુકવેલ હોય અમો ને સદર રકમ પરત કરવા અંગે લખેલ તે જ છે. જેની નકલ મે જે તે વખતે પોલીસને આપેલ. તેમાં મારી સહી અને સિકકો છે. જે હું ઓળખી બતાવુ છુ. જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧૦૧ આપવામાં આવે છે. સદર પત્રની સાથે મે અમારી બેકના રીટર્ન મેમા ઉપર સદર ડી.ડી. ફેક હોવા અં ગે જણાવેલ, જે રીટર્ન મેમામાં અમારા કલીયરીંગ ઓફીસર રમેશભાઈ પટેલ ની સહી છે. જે હું ઓળખી બતાવુ છુ. જે રીટર્ન મેમાની નકલ મે જે તે વખતે પોલીસને આપેલી તે જ છે. જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧ ૦૨ આપવામાં આવે છ. મને આજરોજ એમ.આર. નં. ૯/૨૦૦૮ થી રજુ બેક ઓફ બરોડાનો રૂા.૪,૮૪,૦૦૦/- નો ડ્રાફ્ટ બતાવવામાં આ વે છે તે જોઈને કહું છું કે, સદર ડ્રાફ્ટ ફેક હતો તે જ છે અને સદર ડ્રાફ્ટ અમારી બેંક માં કલીયરીગ માટે આવેલ તે જ છે જે હું ઓળખી બતાવું છું. સદર ડી.ડી. માં મેળવનારના નામ તરીકે દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા લખેલ છે. સદર ડી. ડી.માં આગળના ભાગે અમારી બેંકનો સિકકો તેમજ ઓ.બી.સી.નં.૯૨૯ ૮૯ લખેલ છે, જે હું ઓળખી બતાવુ છુ. સદર ડી.ડી.ને પુરાવામાં રજુ દાખલ આંક-૧૦૩ આપવામાં આવે છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખેલ છે કે, લખ્યા વગરના કોરા ડી.ડી. જે અમારી બેંકોમાં હોય છે તે સિકયુરીટી ફોર્મ કહેવાય છે. સિકયુરીટી ફોર્મ તે અમારી બેકના સ્ટેશનરી વિભાગમાં તૈયાર થઈ એજન્સી મારફતે જુદી જુદી શાખામાં અધિકૃત વ્યકિત પાસે પહોચે છે. આ સિકયુરીટી ફોર્મ સીરીયલ નંબરવાળા હોય છે અને કયા સીરીયલ નંબર વાળુ ફોર્મ કઈ શાખામાં ગયેલ છે તે અંગેનું રજીસ્ટ્રર નિભાવવામાં આવતુ હોય છે. ડી.ડી. તૈયાર થાય ત્યારે તેના પર જે અધિકારીને સહી કરવા અધિકાર આપેલ

હોય તેની સહીનો નમુનો તેમજ નંબર દરેક બ્રાન્ચ પાસે હોય છે.સદર સહીનો નમુનો તેમજ નંબર તે બેંકની ખાનગી બાબત ગણાય. સામાન્ય માણસને સદર સહીના નમુના તેમજ નંબરની માહિતી હોતી નથી. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે, સામાન્ય સંજોગોમાં આવી માહિતી સામાન્ય માણસને હોતી નથી પરંતુ તે વ્યકિત જયારે ડી.ડી. બનાવડાવે ત્યારે તેને સદર બનાવડાવેલ ડી.ડી. ઉપર સહીનો નમુનો તેમજ નં બર મળી જાય છે. જયારે કોઈ ડી.ડી. કલીયર થવા આવે ત્યારે આ સહી તથા નંબર નમુના સાથે મેળવીને કલીયર કરવામાં આવે છે. આંક–૧૦૩ વાળો ડ્ર ાફટ અમારી શાખામાંથી કલીયર થઈ ગયો ત્યાં સુધી તે ડ્રાફટ ફેક છે તેવી ખબર અમોને ન હતી. હાલની ફરીયાદ દાખલ કરી તે સમયે દેના બેક,પ્રાંતિજનું કોઈ દેવુ સદર ડ્રાફટ બાબતે બાકી ન હતુ. સવાલ: આંક–૧૦૩ વાળા ડ્રાફટના નાં ણા આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાએ કે, અન્ય કોઈએ ઉપાડેલ નથી ? જવાબ : સદર ડ્રાફટ અમારી શાખામાં પ્રાંતિજ શાખા મારફતે કલીયરીંગ માટે આવેલ તેથી અને સદર નાંણા કોઈ ઉપાડે તે પહેલા પરત મેળવેલ છે તેથી તે અંગે મને ખબર નથી.આંક–૧૦૩ વાળો ડ્રાફટ કોણે કયા સાધનોથી અને કેવી રીતે બનાવેલો તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, આજ નંબરનો ડ્રાફટ બનાવના એક મહિના પહેલા બેક ઓફ બરોડા, ઈડર શાખામાંથી રૂા.૪,૮૫,૦૦૦/– નો કલીયર થયેલ કે, કેમ. આજ નંબરનો ડ્રા ફટ બેક ઓફ બરોડા, ઈડર શાખા, બેક ઓફ બરોડા, સેટેલાઈટ શાખા તેમજ બેક બરોડા,સાણંદ શાખાએ પણ કલીયર કરેલ છે કે, કેમ તેની મને ખબર નથી. હું ગુજરાતી ભાષા લખી શકતો નથી, પરંતુ એ વાત ખરી નથી કે, હું ગુજરાતી ભાષા વાંચી કે, સમજી શકતો નથી. કોઈપણ ડી.ડી. કે, ચેક કોઈપણ વ્યકિતના બચત ખાતામાં કે, ચાલુ ખાતામાં કોઈપણ વ્યકિત જમા

કરાવી શકે છે અને જમા કરાવતી વખતે જમા કરાવનાર વ્યકિતનું કોઈપણ જાતનું ઓળખ કાર્ડ માંગવામાં આવતુ નથી. આ નિયમ દરેક કોર્પોરેટ બેંક ને લાગુ પડતો હોય છે. આંક–૧૦૩ વાળા ડ્રાફટમાં આલ્ફા કોડ, પાટડી (PATRI) લખેલ છે, કડી મહેસાણા લખેલ નથી જેથી તે કોડ ઈસ્યુ કરનાર બેંકનો નથી.

(૯) આ કામે આંક–૧૧૫ થી સાહેદ રમણલાલ જીવણલાલ વાઘેલા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, મે પ્રાંતિજ દેના બેકમાં એકાઉન્ટન્ટ તરીકે તા.૧૩–૧૨–૨૦૦૭ થી ૦૭–૦૯–૨૦૦૯ સુધી ફરજ બજાવેલ છે. હું દેના બેક પ્રાંતિજ બેક ખાતે મારી ફરજ બજાવતો હતો તે વખતે તા.૩૦–૧–૨૦૦૮ ના રોજ અમારી બેકના ખાતેદાર દિનેશજી ગુલાબ સિંહ ઝાલા જાતે અમારી બેંકમાં આવેલા અને મારી સમક્ષ તેમણે તેમના ખાતામાં બેંક ઓફ બરોડા હિંમતનગર શાખાનો રૂા.૪,૮૪,૦૦૦/– નો ડ્રાફટ કરેલો. જે અમે કલેકશન માટે સ્વિકાર્યા પછી કલીયરીંગ માટે હિમતનગર દેના બેક શાખાને મોકલી આપેલો. જેની રકમ રૂા.૪,૮૪,૦૦૦/– તા. ૫– ૨– ૨૦૦૮ ના રોજ આવતાં અમે ઉપરોકત દિનેશજીના ખાતામાં આ રકમ જમા કરતાં હતા તે વખતે હિંમતનગર થી બ્રાન્ચ મેનેજર સિંહલ સાહેબનો મારી ઉપર ફોન આવેલો અને તેમણે આ ડ્રાફટની રકમ સ્ટોપ કરવા જણાવેલ. તેમની બેક ઓફ બરોડાની જે ઈન્વેન્ટરી આવે તેના લીસ્ટમાં આ ડ્રાફટનો નંબર ન હતો. જેથી તેમને એમ લાગ્યુ કે, કંઈક ખોટુ થઈ રહયુ છે અને ડ્રાફટ ખોટો છે તેથી તેમને આ રકમ સ્ટોપ કરવાનું જણાવેલ. જેથી મે તેમને કહેલ કે, તમે રૂબરૂ બેંક ઉપર આવો ત્યારબાદ સિંહલ સતિષ સાહેબ તથા તેમની સાથે અન્ય બે સાહેબો અમારી બેંકમાં આવેલા. તેઓએ રકમ તેમની બેકના ખાતામાં પરત માંગતા અમોએ અમારી બેંકીગ પધ્ધતી અનુસાર આ ડ્રાફટના નાંણા

જે ખાતેદાર દિનેશસિહના ખાતામાં જમા કરવાના હતા તેમાં જમાની એન્ટ્રી કરી ત્યાર બાદ આ નાંણા ડેબીટ કરી પરત બેંક ઓફ બરોડા, હિમતનગર ક્રેડીટ એડવાઈઝ આપેલી. સદર બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો. હું અમારી બેકના ખાતેદાર દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાને આજરોજ જોઉ તો ઓળખી શકુ તેમ છું. તેઓ આજરોજ કોર્ટમાં આરોપી તરીકે હાજર છે. મને આજરોજ અમારી દેના બેકનાં એસ.બી.જનરલ ખાતા નં.૧૨૫૮૫ કે, જે દિનેશકુમાર ગુલાબસિંહ ઝાલાના નામે છે. તેનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ કે જે કોમ્પ્યુટર જનરેડેટ છે તે બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, સદર સ્ટેટમેન્ટ અમારી બેક ધ્વારા આપવામાં આવેલ તે જ છે અને તેમાં તા. ૦૫ –૦૨–૨૦૦૮ ના રોજ રૂા.૪,૮૪,૦૦૦/–ની ક્રેડીટ અને ડેબીટની એન્ટ્રીઓ સામેલ છે જે હું ઓળખી બતાવુ છુ. સદર એકાઉન્ટના સ્ટેટમેન્ટને રજુ દાખલ આંક–૧૧૬ આપવામાં આવે છે. મને આજરોજ આંક–૧૦૩ વાળો ડ્રાફટ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, સદર ડ્રાફટ અમારા ખાતેદાર દિનેશસિહે તેમના ખાતામાં જમા કરાવેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. સદર ડી.ડી.માં મેળવનારના નામ તરીકે દિનેશસિહ ગુલાબસિહ ઝાલા લખેલ છે. તેમજ સદર ડ્રાફટનો નંબર : ૪૫૧૪૨૬ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવના અરસામાં દેના બેક પ્રાંતિજ શાખામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતો હતો જેથી મારી કામગીરી સામાન્ય રીતે એકાઉન્ટીગને લગતી રહેતી હતી, પરંતુ આ પોસ્ટ ઓફીસર કક્ષાની હોય તેથી મેનેજરની ગેરહાજરીમાં લોનની અરજીઓ સ્વિકારી, ચોકસાઈ કરી રૂપિયા દસ લાખ સુધીની લોન સેન્કશન કરવાના પણ પાવરર્સ હતા. દિનેશસિંહ

ગુલાબસિંહ ઝાલાએ તેમના ખાતામાં જમા થયેલ રૂા.૪,૮૪,૦૦૦/- પૈકી એક પણ રૂપિયો ઉપાડેલ નહી.સવાલ: બનાવના એક મહિના અગાઉ ડી.ડી.નં.૪૫૧૪૨૬ નો બેક ઓફ બરોડાનો દેના બેક ચિઠોડા શાખા,તા.વિજયનગરમાં કલીયર થયેલો અને તેના પૈસા ઉપડી ગયા બાદ તે ખોટો હોવાની વાત બહાર આવેલી તેવી કોઈ હકીકત તમે જાણો છો ?જવાબ: સદર બનાવ અમારી બેકની શાખામાં બનેલ હોય તે બાબતે મને ઉડતા ઉડતા સમાચાર હતા. આજ અરસામાં આજ નંબરના આજ બેકના ડી.ડી. આધારે સાણંદ મુકામે દેના બેંકમાં રજુ કરી જય માતાજી મોટરર્સ નામ ધરાવતા મારુતીના શો-રૂમમાંથી મારુતી કાર લઈ ગયેલા કે, કેમ તે બાબતે મને માહિતી નથી. ડીમાન્ડ ડ્રાફટ બેંકીગની ભાષામાં સિકયુરીટી ફોર્મ કહેવાય. ડીમાન્ડ ડ્રાફટ જે તે બેંક પોતાના પ્રિન્ટીગ ડીપાર્ટમેન્ટમાં પ્રિન્ટ કરાવતી હોય છે. કયા નંબરથી કયા નંબર સુધીના ડ્રાફટ કઈ શાખાને ફાળવેલ છે તે અંગેની માહિતી હેડ ઓફીસમાં હોય છે. કોઈપણ બે ડ્રાફટ એક જ નં બરના હોય ના શકે.ડીમાન્ડ ડ્રાફટમાં સહી કરવા અધિકૃત અધિકારીના સહીના નમુના દરેક બ્રાન્ચમાં હોય છે. એક બેંકની શાખામાં અન્ય બેંકનો ડ્રાફટ કલીયર થાય ત્યારે જે શાખામાં કલીયર થવા આવેલ છે તે બેંકને કમીશન મળતુ હોય છે. ફરીયાદ વાળો ડીમાન્ડ ડ્રાફટ બેક ઓફ બરોડા હિમતનગર શાખામાં કલીયરીગ માટે મોકલતા તે ખોટો હોવા છતાં બેક ઓફ બરોડા હિમતનગર શાખા તરફથી તે અંગે અમોને જાણ કરેલ હોવા છતાં અમારી શાખાને કમીશન મળે તે હેતુથી સદર ડ્રાફટની રકમ આરોપી દિનેશ સિંહના ગુલાબસિંહના ખાતામાં ક્રેડીટ બતાવી ડેબીટ કરેલ. જયારે કોઈપણ ખાતામાં કોઈપણ રકમ કોઈપણ રીતે જમા કરાવવા કોઈ વ્યકિત આવે ત્યારે તે વ્યકિત અંગેનું કોઈ વેરીફીકેશન કરવામાં આવતુ નથી. બેંકમાં ચેકથી કે, ડ્રા ફટથી

રકમ જમા કરાવવા માટે કલેકશન કાઉન્ટર અલગ હોય છે અને કલાર્ક કક્ષાના કર્મચારી કાર્યવાહી કરતા હોય છે. આંક–૧૦૩ વાળો ડ્રાફટ કોણે, કયારે, કઈ મશીનરી વાપરી કેવી રીતે બનાવ્યો તે અંગે મને કોઈ માહિતી નથી. સદર ડ્રાફટમાં લખેલ વિગતો કોણે ભરી અને તેમાં કોણે સહી કરી તે પણ હું કહી ના શકુ. મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં દિનેશસિંહ ગુલાબ સિંહ જાતે રૂબરૂ મારી પાસે આવી આંક–૧૦૩ વાળો ડ્રાફટ તેમના ખાતામાં જમા કરાવેલ તેવી હકીકત લખાવેલ નથી. પોલીસ મારી પાસે આવી હોય અને હું બોલતો હોવ અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. સ્પેશીમેન સીગ્નેચર તથા ડ્રાફટના નંબર સાધારણ માણસોને ખબર ના હોય. બેંક ઓફ બરોડા, હિમતનગર શાખામાંથી સિહલ સાહેબ તથા બીજા બે ત્રણ માણસો અમારી શાખામાં આવેલાની હકીકત મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં લખાવેલ નથી. આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ અમારી શાખાના ખાતેદાર છે અને તેઓ ટ્રાન્ઝેકશન માટે અમારી શાખામાં અવાર નવાર આવતાં હોવાથી તેમજ તેમનો ફોટો તેમના એકાઉન્ટ ઓપનીગ ફોર્મમાં હોવાથી હું તેઓને ફરીયાદવાળા બનાવ પહેલાથી જ ઓળખુ છુ.

(૧૦) આ કામે આંક–૧૩૩ થી સાહેદ રમેશભાઈ મોહનલાલ પટેલ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ફેબ્રુઆરી મહિનામાં બેંક ઓફ બરોડા, હિમતનગર શાખામાં ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો. આ બનાવની ફરીયાદ અમારી બ્રાન્ચ મેનેજર સતીષ પ્રભુદયાદ સિંઘલનાઓએ આપેલી. તા.૨/૨/૨૦૦૮ ના રોજ હું મારી ફરજ ઉપર સવારે ૭:૪૫ વાગે આવેલો અને મે કલીયરીંગનું કામ શરૂ કરેલું. એ દિવસેશનીવાર હોવાથી સવારે ૧૧:૧૫ વાગ્યા પહેલા કલીયરીંગ હાઉસમાં ચેકો કલીયર થવા માટે મોકલી દેવાના હોય છે. જે કામગીરી મે કરેલી.

એ દિવસે કરન્ટના ટેબલ ઉપર રીસીપ્ટ, પેમેન્ટ, ટ્રાન્સફરનું કામકાજ તેમજ લોકરનું કામકાજ તેમજ ખેડુતોને લોન વિતરણનું કામકાજ કરેલું. એ દિવસે શનીવાર હોવાથી કલીયરીંગ હાઉસમા ચેકોની લેવડ દેવડ બેં કો વચ્ચે થાય છે અને તે પૈકી બારેક વાગે ઈનવર્ડ ચેકો બેંકમા આવેલા જે એક વાગ્યા પહેલા કલીયર કરીને મોકલી આપવાના હોય છે. તે દિવસે ડ્રાફ્ટ નં .–૪૫૧૪૨૬ રૂા.૪,૮૪,૦૦૦/–નો અમારી બેંકમા આવેલો અને જે કામના ભારણે પાસ થઈ ગયેલો. તા.૪/૨/૦૮ ના રોજ ત્રણેક વાગે એચ.ઓ.ડી.ડી. ડીપાર્ટમેન્ટ મુંબઈ તરફથી અમારા મેનેજર ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, ડ્રાફટ નંબર –૪૫૧૪૨૬ રૂા.૪,૮૪,૦૦૦/– ની ખરાઈ કરો અને પેમેન્ટ રોકાવો. ત્યારબાદ અમોએ દેના બેંક હિમતનગર શાખામા મેનેજરને જાણ કરેલી. ત્યાર બાદ દેના બેંક, પ્રાંતિજ શાખાને પણ જાણ કરેલી તેમજ આ બાબતે રીજીઓન ઓફિસ બેંક ઓફ બરોડા, મહેસાણાનાઓને પણ જાણ કરેલી. દિનેશસિહ ગુલાબસિહ ઝાલા, રહે–કમાલપુરનાઓએ બનાવટી ડ્રાફટ બનાવી અમારી બેંક ઓફ બરોડા, હિમતનગર શાખા સાથે છેતરપીંડી તથા ઠગાઈ કરેલી.પોલીસે મારુ નિવેદન લીધેલુ. આરોપીને હાલ હુ ઓળખતો નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, મે બેંકમાં ૩૯ વર્ષ સુધી અલગ અલગ હોદા ઉપર ફરજ બજાવેલી. બેંકના નિતી નિયમોથી હું સારી રીતે વાકેફ છું. બેંકમાં ખાતેદારના ખાતામાં ખાતેદાર સિવાય ની અન્ય કોઈ પણ વ્યકિત પણ રોકડ રકમ, ચેક, ડ્રાફટ જમાં કરાવી શકે. મે બેંક ઓફ બરોડાની હિંમતનગર શાખામાં અંદાજે ચારેક વર્ષ ફરજ બજાવેલી. અમારી બેંકની નજીકની શાખાઓમાં ટ્રાન્ઝેકશન બાબતે ફ્રોડના નાના મોટા બનાવો બને તો આવા સંજોગોમાં બેંકના કર્મચારીઓ મારફતે તેમજ બેંક ના સર્કયુલર મારફતે જાણકારી મળતી હોય છે. આ કહેવાતા બનાવટી ડ્રાફટની

તારીખ ૩૦/૧/૦૮ ની હતી. એ વાતની મને ખબર નથી કે બેંક ઓફ બરોડા, જવાનપુરા, તા–ઈડર શાખામા પણ ડ્રાફટ નંબર–૪૫૧૪૨૬ નો કલીયર થયેલો. એ વાતની મને ખબર નથી કે બેંક ઓફ બરોડા, સેટેલાઈટ, અમદાવાદ શાખામા પણ ડ્રાફટ નંબર–૪૫૧૪૨૬ નો કલીયર થયેલો. અસલ કોરા ડ્રાફટ બેંકની સીકયુરીટીમાં રાખવામાં આવે છે. બેંકના કોરા ડ્રાફટ બેંકના કર્મચારી સિવાય અન્ય કોઈ વ્યકિત મેળવી શકે નહી. ડ્રાફટ ઈશ્યુ કરવામાં આવે ત્યારે બેંકના કોઈ ખાસ જવાબદાર અધિકારીને સહી કરવાની સત્તા આપેલી હોય છે. અમારી બેંકની અન્ય કોઈપણ શાખા દ્વારા ડ્રાફટ ઈશ્યુ કરવામા આવેલ હોય ત્યારે તેમા કરવામા આવેલી સહીની ખરાઈ અમો સરળતાથી કરી શકીએ. ડ્રાફટ ઈશ્યુ કરવામાં આવે ત્યારે તેની એકશચેન્જની રકમ બેંકનો નફો કહેવાય. ડ્રાફટ કલીયર કર્યા બાદ આ ડ્રાફટનું પેમેન્ટ સ્ટોપ કરાવેલ તે વચ્ચે ચારેક દિવસનો સમય પસાર થયેલો. આ કહેવાતા બનાવટી ડ્રાફટ કલીયર થયા બાદ ડ્રાફટના નાણા આરોપીના ખાતામા જમા થયેલા અને ત્યારબાદ આ નાણા પરત અમારી બેંકમા મંગાવેલા અને આ સમય દરમ્યાન આ નાણા આરોપીએ ઉપાડેલા નહી. બેંકમાં ડ્રાફ્ટ કે ચેક કલીયરીંગ માટે આવે ત્યારે ડ્રાફ્ટ અને ચેક ઇસ્યુ કરનારની સહીઓ ચકાસણી/વેરીફાઇ કરવામાં આવે છે તેમજ તે સહી ડ્રાફ્ટ કે ચેક ઇસ્યુ કરનાર વ્યકિતની સહી સાથે મેચ થાય તે પછી જ ડ્રાફ્ટ કે ચેક કલીયરીંગ થાય. બેંકમાં ડ્રાફ્ટ કે ચેક કલીયરીંગ માટે આવે ત્યારે ડ્રાફ્ટ અને ચેક ઇસ્યુ કરનારની સહીઓ ચકાસણી/વેરીફાઇ કરવામાં આવે છે અને જો તે મેચ ના થાય તો તે ડ્રાફ્ટ કે ચેક કલીયરીંગ ન કરી શકાય. અમારી બેંકની કોઇપણ શાખાએ ડ્રાફ્ટ ઇસ્યુ કરેલ હોય તે ડ્રાફ્ટમાં ઇસ્યુ કરનાર ઓથોરાઇઝડ અધિકારીની સહી અમો અમારી શાખામાં ચકાસી શકીએ છીએ. સવાલઃ બેંકના ડ્રાફ્ટમાં સહી કરનાર અધિકારીની ઓથોરાઇઝડ સીગ્નેચર બેંકની

સુરક્ષામાં રાખવામાં આવે છે જે બેંકના કર્મચારીઓ સિવાય અન્ય લોકો જોઇ શકે નહી? જવાબઃ આ સીગ્નેચર બધી બ્રાંચોમાં હોય છે અને કોઇ જગ્યાએ કોઇ કારણસર કોઇએ સીગ્નેચર જોઇ લીધેલ હોય તો લીકેજ થઇ શકે. બેંકમાંથી જે તે શાખામાં ફાળવવામાં આવતા કોરા ડ્રાફટ પર સીરીયલ નંબર પ્રિન્ટ કરેલા હોય છે. એ વાતની મને ખબર નથી કે આ કોરા ડ્રાફટ એક જ જગ્યાએ પ્રિન્ટ થાય કે કેમ. સવાલઃ આ કોરા ડ્રાફટ તમારી હેડ ઓફીસ દ્વારા અલગ અલગ બ્ર ાંચોમાં મોકલવામાં આવે છે?જવાબઃ આ ડ્રાફટ બેંકે નકકી કરેલી ઓફીસ દ્વારા બ્ર ાંચોમાં મોકલવામાં આવતા હોય છે.કોરા ડ્રાફટ ઇસ્યુ કરનાર ઓફીસને કઇ બ્રાંચમાં કયા નંબરના કોરા ડ્રાફટ મોકલવામાં આવેલ છે તેની માહિતી હોય. આ કહેવાતો ડ્રાફટ મારી રૂબરૂ કલીયરીંગ માટે આવ્યો ત્યારે તે ડ્રાફટ ખોટો છે કે તેમાં કરવામાં આવેલી સહી ઓથોરાઇઝડ અધિકારીની નથી તેવી હકીકત મારા ધ્યાને ના આવતા આ ડ્રાફટ મે કલીયર કરેલો. ડ્રાફટ કલીયર થતા પહેલા બેંકના એક કરતા વધુ કર્મચારીઓ સમક્ષ ચકાસણી માટે જતો હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, જે બેંકની બ્રાંચમાં ડ્રાફટ ભર્યો હોય ત્યાં કર્મચારી જોડે તેની એન્ટ્રિ થાય પછી શાખા દ્વારા જે બેંકમાં કલીયરીંગમાં મોકલવાનો હોય તે બેંકમાં મોકલાય છે બેંકમાં ડ્રાફટ આવ્યા પછી કલીયરીંગના ટેબલ પર કર્મચારી દ્વારા શોર્ટીંગ/એન્ટ્રિ થયા પછી કલીયરીંગ પાસ કરવા માટે આગળ જે તે અધિકારીને મોકલવામાં આવે છે. બેંકના નાણા કોઇ ખાતેદાર ખોટી રીતે ઉપાડી લે તો તેને ઉચાપત કહેવાય. સવાલઃ આ કામના આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા, રહે- કમાલપુર નાઓએ બનાવટી ડ્રાફટ બનાવી તમારી બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખા સાથે છેતરપીંડી તથા ઠગાઈ કરેલ નથી? જવાબઃ સદરહુ ખાતેદારનું ખાતુ દેના બેંક, પ્રાંતિજ ખાતે હતુ અને તેમના ખાતામાં સદરહુ ડ્રાફટ ભરાઇ ને દેના બેંક, હિંમતનગર દ્વારા અમારી બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખામાં કલીયરીંગમાં આવેલ અને સદરહુ કહેવાતા બનાવટી ડ્રાફટનું કલીયરીંગ થયેલ છે. હિંમતનગર

શાખાને અમારી એચ.ઓ.ડી.ની શાખા, બોમ્બે દ્વારા તા. ૦૪/ ૦૨/ ૨૦૦૮ ના રોજ જાણ થતા તાત્કાલીક શાખાના મેનેજરશ્રીએ રીજીયન ઓફીસને જણાવેલ અને તાત્કાલીક દેના બેંક, હિંમતનગર તથા દેના બેંક, પ્રાંતિજ શાખાને જાણ કરેલ. આ કામનો કહેવાતો આરોપી અમારી શાખામાંથી કોઇ નાણા ઉપાડીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. અમારી બેંક બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખા દ્વારા દેના બેંક, પ્રાંતિજ શાખામાં જે ડ્રાફટના નાણા ટ્રાન્સફર કરેલા તે પરત અમારી બેંકમાં જમા થઇ ગયેલા. તા.૩૦/૦૧/૨૦૦૮ ના રોજ કડીની બેંક ઓફ બરોડા, શાખાના દ્વારા ડ્રાફટ નં.૪૫૧૪૨૬ નો રૂ.૪,૮૪,૦૦૦/- નો અમારી બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખામાં રજુ થતા આ ડ્રાફટ મારા દ્વારા કલીયર કરવામાં આવેલો. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે, જે કામના ભારણથી શનિવાર હોવાથી કલીયરીંગમા. આપેલ ચેકો પાસ અને રીટર્ન કરવાનો સમય ઓછો હોવાથી તેમજ તે દિવસે ડ્રાફટના ટેબલ પર કામ કરનાર કર્મચારી રજા પર હોવાથી મને લોન, કલીયરીંગ, રીસીપ્ટ પેમેન્ટ, ટ્રાન્સફર રેમીટન્સના કામ સાથે રજા પર ગયેલ કર્મચારીના ટેબલ પર બેસવાનુ કહેલું જેથી કામના આટલા ભારણથી કહેવાતો બનાવટી ડ્રાફટ મારા દ્વારા પાસ થયેલ છે. બનાવટી ડ્રાફટ મારા દ્વારા કલીયર કરાતા મારી બેંક દ્વારા મને ચેતવણીપત્ર આપેલો. બનાવટી ડ્રાફટ કોણે, કયારે અને કઇ મશીનરી દ્વારા તૈયાર કરેલો તેની મને કોઇ જાતમાહિતી નથી. બનાવટી ડ્રાફટ બેંક ઓફ બરોડામાં કોણે જમા કરાવેલો તેની પણ મને કોઇ જાતમાહિતી નથી. એ વાતની મને ખબર નથી કે આ કહેવાતી ફરીયાદ આપતા પહેલા મારા તથા મારી બેંકના મેનેજર દ્વારા અમારી બેંકના વકીલશ્રીની સલાહ લઇ ફરીયાદનો ડ્રાફટ તૈયાર કરવામાં આવેલો. એ વાતની મને ખબર નથી કે હાલની ફરીયાદ થયા બાદ પોલીસે મારો કોઇ લેખીત જવાબ લીધેલો કે કેમ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવને ઘણો સમય થઇ ગયેલ હોઇ હાલ મને યાદ નથી.

**(૧૧)** આ કામે આંક–૧૭૫ થી દિનેશભાઈ સદાભાઈ પરમાર પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ દેના બેંક હિંમતનગર શાખામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતો હતો. મારી ફરજમાં જનરલ રૂટીન ઓપરેશનની કામગીરી કરવાની તથા લેવડ દેવડની કામગીરી કરવાની આવે છે. બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખાના મેનેજર સીંઘલ સતીષ પ્ર ભુદયાલનાઓએ તા.૦૨/૦૨/૨૦૦૮ ના રોજ ડ્રાફટ નં.૪૫૧૪૨૬ રૂ.૪,૮૪,૦૦૦/- નો ડ્રાફટ દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓના નામનો દેના બેંક પ્રાંતિજ શાખા તરફથી બેંક ઓફ બરોડા, હિંમતનગર તરફથી આવેલો જે તા.૦૨/૦૨/૨૦૦૮ ના દિવસે બેંક ઓફ બરોડા, હિંમતનગર ને કલીયરીંગના કલેકશન માટે મોકલેલ હતો તા.૦૩/૦૨/૨૦૦૮ ના રાજ રવિવાર હતો તા.૦૪/૦૨/૨૦૦૮ ના રોજ બેંક ઓફ બરોડા શાખા હિંમતનગરના મેનેજરશ્રીએ ટેલીફોન દ્વારા જણાવેલ કે, ડ્રાફટ બનાવટી છે જેથી પ્રાંતિજ તમારી શાખાને જણાવી તે પૈસા અમને પરત કરવા વિનંતી કરેલ અને આ જ બાબતનો તેઓએ તા.૦૪/૦૨/૨૦૦૮ ના રોજ પત્ર પણ આપેલો આજરોજ મને આંક-૧૦૧ વાળો પત્ર બતાવવામાં આવે છે તે જોઇને કહુ છે કે તેમાં સીનીયર બ્રાંચ મેનેજર સતીષ સિંઘલ સાહેબની સહી તથા સીકકો છે તેમજ આજરોજ મને આંક-૧૦૨ વાળો ચેક રીટર્ન મેમો બતાવવામાં આવે છે જેમાં બેંક ઓફ બરોડા હિંમતનગર બ્રાંચના મેનેજરની સહી છે અને પરતનું કારણ નં.૨૪ માં જણાવેલ છે સદર ડી.ડી. બનાવટી છે તેમજ આજરોજ મને આંક-૧૦૩ વાળો બનાવટી ડી.ડી. બતાવવામાં આવે છે જેમાં બેંક ઓફ બરોડા હિંમતનગર બ્રાંચના મેનેજરની સહી છે તેમજ તા.૦૫/૦૨/૨૦૦૮ ના રોજ બેંક ઓફ બરોડા હિંમતનગર બ્રાંચના મેનેજરનાઓએ ચીફ મેનજર દેના બેંક હિંમતનગર શાખાને લેટર નં.HMP/GEN/30/35, તા.૦૪/૦૨/૨૦૦૮ ના અનુસંધાને ચેક નં. ૫૯૩ ૪૮૮૬ ના અનુસંધાને રૂ.૪,૮૪,૦૦૦/- પરત મળી ગયેલ છે તે અનુસંધાને પત્ર

લખેલ જે ઝેરોક્ષ નકલને બચાવપક્ષની સંમતિથી રજુ દાખલ આંક-૧૭૬ આપવામાં આવે છે તેમજ દેના બેંક હિંમતનગર બ્રાંચ નાઓએ દેના બેંક પ્રાંતિજ શાખાને બનાવટી ડી.ડી. બાબતે જાણ કરેલ તેમજ સદર ડી.ડી. નુ પેમેન્ટ પરત કરવુ નહી અને તે પરત પૈસા અમે બેંક ઓફ બરોડા હિંમતનગર શાખાને પાછા આપીશુ તે બાબતે પત્ર લખેલ જે આજરોજ મને બતાવવામાં આવે છે દેના બેંક હિંમતનગરના ચીફ મેનજરની સહી અને સીકકો છે જે હુ ઓળખી બતાવુ છુ જે ઝેરોક્ષ નકલને બચાવપક્ષની સંમતિથી રજુ દાખલ આંક-૧૭૭ આપવામાં આવે છે વધુમાં, તા. ૦૪/ ૦૨/ ૨૦૦૮ ના રોજ પત્ર તથા ચેક રીટર્ન મેમો પણ આપેલો અને ડ્રાફટની સર્ટીફાઇડ કોપી આપી બેંકની કાર્યવાહી પ્રમાણે ઉપરોકત પૈસા દેના બેંકના સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કલીયરીંગ હાઉસમાં જમા થઇ ગયેલ હતા તેની એડવાઇઝરી અમોએ પ્રાંતિજ શાખાને મોકલેલ અને પ્રાંતિજ દેના બેંક શાખામાં ટેલીફોન કરી ઉપરોકત નાણા જે તે પાર્ટીના ખાતામાંથી ઉપાડવા ન દેવા બાબતે જણાવેલ અને તે પૈસા પરત કરવા જણાવેલ અને ત્યારબાદ તે પૈસા પ્રાંતિજ શાખામાંથી અમોને રીફંડ કરવામાં આવેલા અને જે નાણા તા. ૦૫/ ૦૨/૨૦૦૮ ના રોજ રૂ.૪,૮૪,૦૦૦/- પુરા પે-ઓર્ડર મારફતે બેંક ઓફ બરોડા ને મોકલી આપેલા અને આ બાબતે દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા વિરૂધ્ધ ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન તા.૦૯/૦૨/૨૦૦૮ ના રોજ લીધેલુ.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, અમારી બેંકમાંથી આરોપી પાસે એક પણ રૂપીયો ગયેલો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પણ કોશીષ કરેલી. બેંક એકાઉન્ટમાં ચેક જમા કરાવવાનો હોય, રકમ જમા કરાવવાની હોય કે ડી.ડી. જમા કરાવવા નો હોય તો તે ખાતા ધારક સિવાય બીજો કોઇ વ્યકિત પણ જમા કરાવી શકે. આ ડી.ડી. સીધો કોઇએ અમારી હિંમતનગર શાખામાં જમા કરાવેલ નહી. પ્રાંતિજ શાખામાં આ બનાવટી ડી.ડી. કોણે જમા કરાવેલ તે હુ ચોકકસ કહી શકુ નહી. એ વાતની મને

ખબર નથી કે હાલનો બનાવ બનેલ તેના ચાર પાંચ દિવસ પહેલા ઇડર જવાનપુરા બેંક ઓફ બરોડા શાખામાં ડ્રાફટ નં.૪૫૧૪૨૬ નો ખોટી રીતે જમા થયેલાનો કેસ બનેલો. એ વાતની મને ખબર નથી કે ડ્રાફટ નં.૪૫૧૪૨૬ નો સાણંદ શાખામાં જમા થયેલો અને કલીયર થયેલો. બેંકના ડ્રાફટ એ સીકયુરીટી ફોર્મ કહેવાય. સ્ટેશનરી વિભાગમાં સીકયુરીટી ફોર્મ (ડ્રાફટ) તૈયાર થયા બાદ અલગ અલગ શાખામાં બેંકે નિયુકત કરેલી સીકયુરીટી એજન્સી મારફતે મોકલવામાં આવે છે. આ ડ્રાફટ પર સહી કરવાની સત્તા ચોકકસ અધિકારીને આપેલી હોય છે. કોઇપણ શાખાના અધિકારીના સહીના નમુના જાણી શકાય. આ ડ્રાફટ મે કલીયરીંગ માટે આગળ મોકલાવેલો. આ બનાવટી ડ્રાફટ ચોકકસ કોણે બનાવેલો તે હુ કહી શકુ નહી.

**(૧૨)** આ કામે આંક–૧૮૫ થી સાહેદ જનકભાઈ મોહનલાલ સુથાર પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ બૈંક ઓફ બરોડા, કડી શાખામાં મેનેજર તરીકે ફરજ બજા વતો હતો અને પોલીસે મને પ્ર ભુદયાલ સિંઘલ, મેનેજર બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખાનાઓએ તા.૦૭/૦૨/૨૦૦૮ ના રોજ પ્રાંતિજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી જે ફરીયાદ અનુસંધાને પોલીસે મારૂ નિવેદન લીધેલુ અને મે લખાવેલ કે, ડ્રાફટ નં.૪૫૧૪૨૬ જે તા.૩૦/૦૧/૨૦૦૮ ના રોજ ઇસ્યુ થયેલ અને તેમાં ઇસ્યુ કરનાર બ્રાંચનું નામ કડી, જી.મહેસાણા બતાવેલ તે ડ્રાફટ અમારી કડી શાખાએ ઇસ્યુ કરેલ નહી અને તેમાં બતાવેલ આલ્ફા કોડ પાટડી બતાવેલ જે મારી કડી બ્રાંચનો કોડ નથી અને તેમાં કરેલ બે ઓફીસરોની સહીઓ પણ મારી બ્રાંચના કોઇપણ ઓફીસરની સહી નહોતી અને આ ડ્રાફટ ઉપર કોની સહીઓ છે તેની પણ મને ખબર નથી પોલીસે મને ડ્રાફટ જોવા માટે આપેલ તે પેપરની કવોલીટી પણ અલગ હતી આવો કોઇ ડ્રાફટ અમારી બેંકમાંથી ઇસ્યુ કરેલ નથી જે ડ્રાફટ પર તા.૩૦/૦૧/૨૦૦૮ના રોજની તારીખમાં જોતાં આ નંબરનો કોઇ ડ્રાફટ કોઇના

નામે ઈસ્યુ કરેલ નથી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાના નામનો જે ડ્રાફટ બતાવ્યો તે ખરેખર બનાવટી છે પણ પ્રથમ દ્રષ્ટિએ ખ્યાલ આવે તેમ નથી પરંતુ ડ્રાફટ ઉપર કોડ નંબર તથા શાખા અલગ લખેલ છે તેના પરથી ખબર પડે છે કે આ બનાવટી ડ્રાફટ બનાવનાર દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓએ બેંક સાથે છેતરપીંડી કરી હોય તેવુ લાગેલ અને આ બાબતે પોલીસે મારૂ તા.૧૧/૦૨/૨૦૦૮ ના રોજ નિવેદન લીધેલુ આજરોજ મને આંક-૧૦૩ વાળો બનાવટી ડી.ડી. બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તે તે જ છે અને તેના અનુસંધાને મે મારૂ નિવેદન આપેલું.

**ફો.કે.નં.૯૧૪/૦૮ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જે વ્યકિતના નામનો ચેક અથવા ડ્રાફટ હોય તે વ્યકિતના ખાતામાં કોઇપણ અન્ય ત્રાહિત વ્યકિત તે ખાતામાં જમા કરાવી શકે. આ બનાવટી ડ્રાફટ દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા નામના વ્યકિતએ તેના ખાતામાં જમા કરાવ્યો હોય તેની મને કોઇ જાતમાહિતી નથી. એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ કોઇ ત્રાહિત વ્યકિતએ પણ જમા કરાવેલો હોય કે કેમ? એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ જમા થયા પછી આરોપીના ખાતામાંથી નાણા ઉપડેલા કે કેમ? ડ્રાફટ એ બેંકનો સીકયુરીટી દસ્તાવેજ કહેવાય. એ વાતની મને ખબર નથી કે આ ડ્રાફટ બેંક એક જ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવવા માટે મોકલાવે છે કે કેમ? કયા નંબરના ડ્રાફટ કઇ બ્રાંચને મોકેલ છે તેની માહિતી હેડ ઓફીસને હોય. એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ અમારી બ્રાંચમાંથી ઇસ્યુ કરવામાં આવેલો કે કેમ? એ વાતની પણ મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ ઇડર જવાનપુરા શાખામાં પણ જમા કરાવવામાં આવેલો અને તે અંગેની ફરીયાદ થયેલી

**ફો.કે.નં.૬૧/૧૫ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જે વ્યકિતના નામનો ચેક અથવા ડ્રાફટ હોય તે વ્યકિતના ખાતામાં કોઇપણ અન્ય ત્રાહિત વ્યકિત તે ખાતામાં જમા કરાવી શકે. આ બનાવટી ડ્રાફટ દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા નામના વ્યકિતએ તેના ખાતામાં જમા કરાવ્યો હોય તેની મને કોઇ જાતમાહિતી નથી. એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ કોઇ ત્રાહિત વ્યકિતએ પણ જમા કરાવેલો હોય કે કેમ? એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ જમા થયા પછી આરોપીના ખાતામાંથી નાણા ઉપડેલા કે કેમ? ડ્રાફટ એ બેંકનો સીકયુરીટી દસ્તાવેજ કહેવાય. એ વાતની મને ખબર નથી કે આ ડ્રાફટ બેંક એક જ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવવા માટે મોકલાવે છે કે કેમ? કયા નંબરના ડ્રાફટ કઇ બ્રાંચને મોકેલ છે તેની માહિતી હેડ ઓફીસને હોય. એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ અમારી બ્રાંચમાંથી ઇસ્યુ કરવામાં આવેલો કે કેમ? એ વાતની પણ મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ ઇડર જવાનપુરા શાખામાં પણ જમા કરાવવામાં આવેલો અને તે અંગેની ફરીયાદ થયેલી.

**(૧૩)** આ કામે આંક–૧૮૬ થી સાહેદ રમણભાઈ શનાભાઈ રાઠોડ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે મારૂ તા.૨૩/૦૩/૨૦૦૮ ના રોજ નિવેદન લીધેલુ જેમાં મે લખાવેલ કે, મારી લાલ કલર ની સેન્ટ્રો ગાડી નં. જી.જે. ૧ એચ.ઇ. ૭૧૧૦ ની તપાસમાં પોલીસ મારા ઘરે આવેલી જેમાં લખાવેલ કે, આ ગાડી મારી માલીકીની છે અને તા.૨૮/૦૧/૨૦૦૮ ના રોજ ગાડી હેન્ડિકેપ બનાવવાની હોય જય અંબે ઓટો મોબાઇલ એન્ડ સર્વિસ સ્ટેશન, ભાગ્ય લક્ષ્મી સોસાયટી, આર. સી. ટેકનીકલ રોડ, ઘાટલોડીયા, અમદાવાદ ખાતે મારી ગાડી મે મુકેલી અને આ ગાડીની ડીલીવરી મને તા.૦૨/૦૨/૨૦૦૮ ના રોજ આપવામાં આવેલી તે પછી તા.૧૧/૦૩/૨૦૦૮ ના રોજ નિર્મલસિંહ વકીલ, પ્ર ાંતિજનાઓએ મારા ઉપર મારા ઘરે લેન્ડલાઇન પર ફોન કરી જણાવેલ કે, તમારી સેન્ટ્રો કાર નં. જી. જે. ૧ એચ.ઇ. ૭૧૧૦ બોગસ ડી.ડી. ના ગુનામાં વપરાયેલ

છે જેથી મે જણાવેલ કે મારી સેન્ટ્રો કાર જય અંબે ઓટો મોબાઇલ એન્ડ સર્વિસ સ્ટેશન, ભાગ્ય લક્ષ્મી સોસાયટી, આર.સી.ટેકનીકલ રોડ, ઘાટલોડીયા, અમદાવાદ ખાતે સર્વિસમાં મુકેલી અને ત્યાં કોણે શુ ઉપયોગ કર્યો હશે તેની મને ખબર નથી તેવુ મે જણાવેલુ.

**(૧૪)** આ કામે આંક–૧૮૭ થી સાહેદ જગતસિંહ ધુળસિંહ રાઠોડ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે મારૂ તા.૨૦/૦૨/૨૦૦૮ ના રોજ નિવેદન લીધેલુ જેમાં મે લખાવેલ કે, દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા, રહે. કમાલપુરનાઓ પ્રાંતિજ એપ્રૌચ રોડ પર મોટર રીવાન્ડિંગ તથા જમીન લે-વેચનો ધંધો કરે છે આ બનાવના એક મહીના પહેલા મારા મોબાઇલ પર ફોન આવેલો અને તે વ્યકિતએ મને પુછેલ કે, આપ જગતસિંહ બોલો છો? જેથી મે હા પાડેલી અને તેમને પુછેલ કે તમે કોણ બોલો છો? તો તેમણે જણાવેલ કે હુ ડોકટર બોલુ છુ અને મારે જમીન રાખવાની હોય ખાસ્કી ગામના તમારા સાળા કાળુસિંહ મને મળેલા અને તેઓએ મને વાત કરેલી કે પ્રાંતિજ મારા બનેવી જગતસિંહ રહે છે તેમને તેમની બાજુ જમીન વેચવાની હશે તો તેમનો કોન્ટેકટ કરજો જેથી મે નંબર મેળવી કોન્ટેકટ કરેલ છે તેવુ જણાવેલ સામાવાળાનો નંબર ૯૯૧૩૮ ૧૫૨૦૮ ના ઉપર વાતચીત થયેલી ડોકટરે મારા સાળાનુ નામ લેતા મે તેમને કહેલ કે, આવજો કોઇની જમીન વેચવાની હશે તો કોન્ટેકટ કરી આપીશ તા.૦૩/૦૧/૨૦૦૮ ના રોજ આ ડોકટર પ્રાંતિજ હાઇવે બસ સ્ટેન્ડ પર આવી મારા મોબાઇલ પર ફોન કરી જણાવેલ કે, ડોકટર બોલુ છુ અને બસ સ્ટેન્ડે ઉભો છુ તમે કયાં છો? તેવુ જણાવતા મે જણાવેલ કે બસ સ્ટેન્ડની સામે મારા પાનબીડીના ગલ્લા ઉપર છુ જેથી તેમણે કહેલ કે બસ સ્ટેન્ડ પર આવી જાઓ હુ હાથ ઉંચો કરીશ તમે ત્યાં આવી જજો ત્યારબાદ હુ ત્યાં ગયેલો અને હાથ ઉંચો કરતા હુ તેમની પાસે ગયેલો અને મને કહેલ કે, તમો જગતસિંહ છો? જેથી મે હા પાડેલી અને મને કહેલ કે હુ ડોકટર છુ અને અમારે જમીન કોઇ હાઇવે ટચ

વેચવાની હોય તો અમારે જોઇએ છે જેથી મારા મિત્ર દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા, રહે.કમાલપુર, તા.પ્રાંતિજવાળા જમીન લે-વેચનો દલાલીનો ધંધો કરતા હોવાથી આ ડોકટરને હુ દિનેશસિંહ પાસે લઇ ગયેલો અને મુલાકાત કરાવેલી અને કહેલ કે તમારે જે વાત કરવાની છે તે કરી હુ જાઉ છુ ત્યારબાદ આ ડોકટર તરીકે ઓળખીતા ભાઇશ્રી તા.૩૦/૦૧/૨૦૦૮ ના રોજ દિનેશસિંહની ઓફીસે આવેલા જેથી દિનેશસિંહે મને મારા મોબાઇલ પર ફોન કરી તેમની ઓફીસે બોલાવેલો અને ત્યાં આગળ ડોકટર તથા બીજા એક ભાઇ મુળસિંહ લાલુસિંહ રાઠોડ તથા દિલીપસિંહ રાઠોડ આ બધા બેઠેલા હતા હુ પણ ત્યાં બેસેલો અને તે સમયે ડોકટર સાથે આવેલ ભાઇ જેઓને મે તે દિવસે જોયેલા તે પહેલા જોયેલા નહી અને તેઓએ તેમના પહેરેલ શર્ટના ઉપરના ખિસ્સામાંથી એક સફેદ કવર કાઢેલુ અને તેમાંથી એક ડ્રાફટ કાઢી ડોકટરને આપેલ અને જણાવેલ કે બાના પેટે આ ડ્રાફટ દિનેશસિંહને આપો જે ડ્રાફટને મે હાથ પણ લગાવેલ નથી કે તેના પર શુ લખેલ છે તે પણ મે જોયેલ નથી તે ડ્રાફટ ડોકટરે સીધો દિનેશસિંહને આપેલો અને ડોકટર સાથે આવેલા ભાઇએ જણાવેલ કે બેંક બંધ થવાનો સમય થયો છે તમો જલ્દી જઇ બેંકમાં પહેલા ડ્રાફટ જમા કરાવી આવો જેથી દિનેશસિંહ તથા ડોકટર બંને જણા દેના બેંક પ્રાંતિજ શાખામાં દિનેશસિંહનું ખાતુ ચાલતુ હોવાથી તેના ખાતામાં જમા કરાવવા ગયેલા અને હુ ત્યાંથી નીકળી ગયેલો. ડ્રાફટ બાબતે પ્રાંતિજ પો.સ્ટે.માં ફરીયાદ નોંધાયેલી અને તે બાબતે પેપરમાં વાંચેલ ત્યારે મને ખબર પડેલી કે ડોકટર તથા તેમની સાથે આવેલા ભાઇ કોઇ જમીન ખરીદવાવાળા ન હતા અને ચીટીંગ કરવાવાળા હતા જેઓએ બનાવટી ડ્રાફટ બનાવી બેંક સાથે છેતરપીંડી કરેલી પોલીસે મારૂ નિવેદન લીધેલુ ફોજદારી કેસ નં.૯૧૪/૨૦૦૮ ના આરોપી નં.૧ને હુ ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી બચાવપક્ષે તેઓનો મુકિત રીપોર્ટ આપી

ઓળખની તકરાર જતી કરેલ છે અન્ય આરોપીઓ હાજર નથી બચાવપક્ષે તેઓનો મુકિત રીપોર્ટ રજુ છે.

**ફો.કે.નં.૯૧૪/૦૮ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,બનાવટી ડ્રાફટ ડોકટરે દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાને મારી રૂબરૂ આપેલો.

**ફો.કે.નં.૬૧/૧૫ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવટી ડ્રાફટ ડોકટરે દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાને મારી રૂબરૂ આપેલો.

**(૧૫)** આ કામે આંક-૧૯૧ થી પંચ સાહેદ વિષ્ણુપ્રસાદ હરીભાઈ લીંબાચીયા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખામાં ડીપાર્ટમેન્ટલ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો અને બનાવટી ડ્રાફટ બાબતે ફરીયાદી સતીષ પ્રભુદયાલ, બેંક ઓફ બરોડાના મેનજરે ફરીયાદ આપેલી અને આ બનાવટી ડ્રાફટ બાબતે પંચનામુ કરવાનુ હોઇ પોલીસે મને સમજ કરેલી અને મે સંમતિ આપેલી બનાવટી ડ્રાફટ ફરીયાદીએ રજુ કરતા જે ડ્રાફટ આછા વાદળી રંગનો અને તેની ઉપર જોતા વચ્ચેના ભાગે અંગ્રેજીમાં PATRI લખેલુ અને જેની ડાબી બાજુએ હિન્દી તથા અંગ્રેજીમાં બેંક ઓફ બરોડા, કડી, જી.મહેસાણા ૩૮૨૭૧૫ લખેલુ જે તા.૩૦/૦૧/૨૦૦૮ લખેલુ અને ડ્રાફટ ઉપર On Demand Pay Dineshsinh Gulabsinh Zala લખેલુ અને Rupees Four Lacks Eighty For Thousand Only લખેલુ અને આંકડામાં રૂ.૪,૮૪,૦૦૦/- લખેલુ ડ્રાફટની જમણી સાઈડે ૯૮૭૬૫૦૩૨૧ લખેલ જે ઉભી લાઇનમાં લખેલ આ ડ્રાફટના નીચેના ભાગે ॥'૪૫૧૪૨૬'॥ ૦૦૦૦૧૨૦૦૦॥૨૦૦૧૪૯॥૧૬ એ રીતે લખેલ અને ડ્રાફટની

ડાબી બાજુ વાદળી સીકકાથી A/C Payees Only લખેલ અને આ પંચનામુ તા.૧૧/૦૨/૨૦૦૮ ના કલાક ૧૩/૧૫ થી ૧૩/૩૫ થી કરેલુ આજરોજ મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૯૨ આપવામાં આવે છે. આજરોજ મને આંક-૧૦૩ વાળો ડ્રાફ્ટ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તે એ જ ડ્રાફ્ટ છે જે પંચનામાં સમયે અમો પંચ રૂબરૂ રજુ કરેલો.

**ફો.કે.નં.૯૧૪/૦૮ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે બેંકમાં નોકરી કરેલ હોય હુ બેંકના તમામ નિતીનિયમોથી વાકેફ છું.ડ્રાફ્ટ એ બેંકનો સીકયુરીટી દસ્તાવેજ કહેવાય. ડ્રાફ્ટ બેંકની કસ્ટડીમાં રાખવામાં આવે છે. કોઇપણ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવે ત્યારે તેમાં બેંકના ચોકકસ અધિકારીની સહી હોય છે. મે મારી સરતપાસમાં મારી સમક્ષ રજુ કરવામાં આવેલ આંક-૧૦૩ વાળા ડ્રાફ્ટમાં ભરવામાં આવેલી તમામ હકીકત લખાવી છે. ડ્રાફ્ટ ઉપર અંગ્રેજી આલ્ફાબેટમાં ડ્રાફ્ટ ઇસ્યુ કરનાર બેંકનો કોડ લખેલો હોય છે.આલ્ફાબેટ મુજબ PATRI એ કડી, બ્રાંચની બેંક ઓફ બરોડાનો કોડ નથી. આ ડ્રાફ્ટ ફરીયાદીની બેંકે કલીયર કરેલો કે કેમ? તેની મને ખબર નથી. અમારી હિંમતનગરની બેંક ઓફ બરોડા બ્રાંચમાં બનાવટી ડ્રાફ્ટ કલીયરીંગ માટે રજુ થયેલો તે બાબતની અમારી બ્ર ાંચના મેનેજરશ્રીએ પોલીસ ફરીયાદ આપેલી.આંક-૧૦૩ વાળા ડ્રાફ્ટની અંદર ડ્રાફ્ટ ઇસ્યુ કરનાર બેંકનુ નામ જણાવેલ છે પણ સહી બાબતે કોઇ હકીકત જણાવેલ નથી.

**ફો.કે.નં.૬૧/૧૫ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે બેંકમાં નોકરી કરેલ હોય હુ બેંકના તમામ નિતીનિયમોથી વાકેફ છું. ડ્રાફ્ટ એ બેંકનો સીકયુરીટી દસ્તાવેજ કહેવાય. ડ્રાફ્ટ બેંકની કસ્ટડીમાં રાખવામાં આવે છે.

કોઈપણ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવે ત્યારે તેમાં બેંકના ચોકકસ અધિકારીની સહી હોય છે. મે મારી સરતપાસમાં મારી સમક્ષ રજુ કરવામાં આવેલ આંક-૧૦૩ વાળા ડ્રાફટમાં ભરવામાં આવેલી તમામ હકીકત લખાવી છે. ડ્રાફ્ટ ઉપર અંગ્રેજી આલ્ફાબેટમાં ડ્રાફ્ટ ઇસ્યુ કરનાર બેંકનો કોડ લખેલો હોય છે. આલ્ફાબેટ મુજબ PATRI એ કડી, બ્રાંચની બેંક ઓફ બરોડાનો કોડ નથી. આ ડ્રાફ્ટ ફરીયાદીની બેંકે કલીયર કરેલો કે કેમ? તેની મને ખબર નથી. અમારી હિંમતનગરની બેંક ઓફ બરોડા બ્રાંચમાં બનાવટી ડ્રાફ્ટ કલીયરીંગ માટે રજુ થયેલો તે બાબતની અમારી બ્ર ાંચના મેનેજરશ્રીએ પોલીસ ફરીયાદ આપેલી. આંક-૧૦૩ વાળા ડ્રાફટની અંદર ડ્રાફ્ટ ઇસ્યુ કરનાર બેંકનુ નામ જણાવેલ છે પણ સહી બાબતે કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૬)** આ કામે આંક–૨૦૬ થી સાહેદ રાકેશકુમાર બાબુલાલ દોશી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ દેના બેંક પ્રાંતિજ શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતો હતો અને આ બેંકમાં દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા, રહે.કમાલપુર, તા.પ્રાંતિજનાઓનું અમારી બેંકમાં તા.૨૫/૦૮/૨૦૦૫ થી ખાતુ ખોલાવેલ જેનો ખાતા નં.૧૨૫૮૫ નો હતો અને તા.૩૧/૦૧/૨૦૦૮ ના રોજ ડ્રાફ્ટ નં.૪૫૧૪૨૬ નો બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખાનો ભરેલ અને આ ડ્રાફ્ટ ઇસ્યુ કરેલ બેંક ઓફ બરોડા, કડી શાખાનો હતો જે કલીયરીંગ માટે હિંમતનગર દેના બેંકમાં મોકલાવેલ અને ત્યારબાદ તા.૦૪/૦૨/૨૦૦૮ ના રોજ અમારી હિંમતનગર શાખા દેના બેંકમાંથી ટેલીફોન આવેલ કે ડ્રાફ્ટ નં.૪૫૧૪૨૬ નો ફ્રોડ છે તેનુ પેમેન્ટ કરવાનુ નથી ત્યારબાદ તા.૦૫/૦૨/૨૦૦૮ ના રોજ હિંમતનગર શાખામાંથી અમોને લેખીતમાં પેમેન્ટ રોકી રાખવાની જાણ કરેલી જે આજરોજ મને બતાવવામાં આવે છે તે અમોને સંબોધીને જાણ કરતો પત્ર લખેલ જેમાં ચીફ મેનેજરની સહી છે જે તા.૦૪/૦૨/૨૦૦૮ ના રોજની છે જેને પુરાવામાં રજુ દાખલ આંક-૨૦૭

આપવામાં આવે છે તેમજ મે આ કામે પોલીસ રૂબરૂ જરૂરી કાગળો રજુ કરેલ જેમાં ૧. એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ, ૨. ફોર્મ નં.૬૦, ૩. ડ્રાફટ ભર્યાની પે-ઇન સ્લીપ, ૪. બેંકના ઇન્ટરનલ વાઉચર પરત મોકલવા અંગેની નકલ, ૫. બેંક ઓફ બરોડાએ દેના બેંક હિંમતનગર શાખાને લખેલ લેટરની કોપી, ૬. ચેક રીટર્ન મેમો, ૭. ડ્રાફટની ઝેરોક્ષ, ૮. દેના બેંક હિંમતનગર શાખાના રકમની એડવાઇઝરી પાના નંગ-૦૪ આમ ઉપરોકત કાગળો મે રજુ કરેલા જે આજરોજ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તે તે જ છે જે મે રજુ કરેલા જેને અનુક્રમે રજુ દાખલ આંક-૨૦૮ થી આંક-૨૧૫ આપવામાં આવે છે.

અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ.

**ફો.કે.નં.૯૧૪/૦૮ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હુ સને ૨૦૦૬ ની સાલમાં દેના બેંક પ્રાંતિજ શાખામા બ્રાંચ મેનેજર તરીકે ટ્રાન્સફર થઇ આવેલો. કોઇપણ વ્યકિતના બચતખાતામાં અન્ય કોઇપણ વ્યકિત રોકડ રકમ, ચેક અને ડ્રાફટ જમા કરાવી શકે. બચતખાતામાં રોકડ રકમ, ચેક અને ડ્રાફટની લેવડ દેવડની કામગીરી મેનેજર તરીકે મારા હિસ્સામાં આવતી નથી. આરોપી દિનેશસિંહ ગુલાબસિંહના ખાતામાં કહેવાતો ડ્રાફટ કોણ જમા કરાવી ગયેલુ તે બાબતે હુ ચોકકસપણે કહી શકુ નહી. કહેવાતો ડ્રાફટ બનાવટી હોવાની પ્રથમદર્શનીય જાણ અમારી બેકને થયેલી નહી. કહેવાતો ડ્રાફટ બનાવટી હોવાની પ્રથમદર્શનીય જાણ હિંમતનગર દેના બેંક બ્રાંચને થયેલી નહી. આ કહેવાતો બનાવટી ડ્રાફટ કોણે તૈયાર કરેલો તેની મને કોઇ જાતમાહિતી નથી.

**(૧૭)** આ કામે આંક–૨૨૬ થી ત.ક.અ. અઠાભાઈ લાલજીભાઈ ચૌધરી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ માં હુ પોલીસ ઇન્સપેકટર પ્રાંતિજ પો.સ્ટે.માં ના હોદ્દા પર ફરજ પર હાજર

હતો ત્યારે ફરીયાદી સતીષ પ્રભુદયાલ સીંઘલ, મેનેજર બેંક ઓફ બરોડાનાઓએ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ ઇ.પી.કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦ મુજબની આપેલી જે પી.એસ.ઓ. રમાબેન શંકરલાલનાઓએ નોંધી આગળની તપાસ પી. એસ. આઇ. ઓ.એમ.રબારીનાઓએ સંભાળી લીધેલ આ ગુનાની તપાસ ઓ. એમ. રબારીનાઓએ કરેલી અને ત્યારબાદ તેઓની બદલી થતા તપાસ મે સંભાળેલી આ કામે તપાસ પૂર્ણ થયેલ હોય આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ હોઇ નામદાર કોર્ટમાં સમયમર્યાદામાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખુ છુ બચાવપક્ષે તેઓનો મુકિત રીપોર્ટ આપી ઓળખની તકરાર જતી કરેલ છે.

**ફો.કે.નં.૯૧૪/૦૮ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે આ કામે ફકત ચાર્જશીટ રજુ કરેલુ તે સિવાય મે આ કામે કોઇ તપાસ કરેલ નથી.

**ફો.કે.નં.૬૧/૧૫ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે આ કામે ફકત ચાર્જશીટ રજુ કરેલુ તે સિવાય મે આ કામે કોઇ તપાસ કરેલ નથી.

**(૧૮)** આ કામે આંક–૨૨૯ થી સાહેદ ઓઘારભાઈ મફતભાઈ દેસાઈ

પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮માં હુ પોલીસ ઇન્સપેકટર તરીકે પ્રાંતિજ પો.સ્ટે.માં ફરજ પર હાજર હતો ત્યારે ફરીયાદી સતીષ પ્ર ભુદયાલ સીંઘલ, મેનેજર બેંક ઓફ બરોડાનાઓએ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ ઇ.પી.કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦ મુજબની આપેલી જે પી.એસ.ઓ. રમાબેન શંકરલાલનાઓએ નોંધી આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ આ ગુનાની

તપાસ મે કરેલી અને તપાસના કામે અને પી.એસ.ઓ.એ સુચીપત્ર મુજબનો ગુનો દાખલ કરી અમોને કાગળો આપતા જેમાં મે સૌપ્રથમ સુચીપત્ર મુજબની ફરીયાદ વંચાણે લીધેલ જે સુચીપત્ર આજરોજ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં પી.એસ.ઓ. રમાબેન શંકરલાલની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ અને જે સુચીપત્ર મુજબની મને તપાસ સોંપવામાં આવેલી તે તે જ છે જેને રજુ દાખલ આંક-૨૩૦ આપવામાં આવે છે અને ફરીયાદીનું જા.દે. નું નિવેદન લીધેલ તેમજ આ કામે અન્ય લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલા તેમજ આ કામે પો.સ્ટે. ખાતે બે પંચો રૂબરૂ ફરીયાદી સતીષ પ્રભુદયાલ સીંઘલ મેનેજર બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખાનાઓ હાજર હતા અને તેઓ એક બનાવટી ડ્રાફટ રજુ કરતા પંચો રૂબરૂ કબજે લીધેલ જે ડ્રાફટ આછા વાદળી રંગનો અને ઉપરના ભાગે જોતા વચ્ચે PATRI લખેલ અને ડાબી બાજુ બેંક ઓફ બરોડા, કડી, જી.મહેસાણા-૩૮૨૭૧૫ હિન્દી તથા અંગ્રેજીમાં લખેલ અને તા.૩૦ JAN ૨૦૦૮ લખેલ અને જે ડ્રાફટ ઉપર On Demand Pay DIneshsinh Gulabsinh Zala નુ નામ લખેલ અને Four Lacs Eighty Four Thosand Only લખેલ અને રકમના કોલમમાં ૪,૮૪,૦૦૦/- લખેલ જે ડ્રાફટ પંચો રૂબરૂ તા.૧૧/૦૨/૨૦૦૮ કલાક ૧૩/૧૫ થી ૧૩/૩૫ સુધી પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ લખી તપાસના કામે કબજે લીધેલ આજરોજ મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં બે પંચોની સહીઓ છે તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છું. તેમજ મે બેંક ઓફ બરોડા, કડી શાખાના મેનેજરનું નિવેદન લીધેલુ અને આ કામે તપાસ દરમ્યાન આરોપી નં.૧ દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા, રહે.કમાલપુર, તા.પ્રાંતિજના ઓ ને તા.૧૮/૦૨/૨૦૦૮ ના કલાક ૧૪/૦૦ વાગે તથા આરોપી નં.૨ રોહીત કુમાર પરષોતમદાસ પટેલ, રહે.સમલાપુર, તા.ઇડરનાઓનુ નામ ખુલતા તા. ૨૦/૦૨/૨૦૦૮ ના કલાક ૦૦/૧૫ વાગે અટક કરવામાં આવેલ

અને નામદાર કોર્ટમાં રજુ કરી પોલીસ રીમાન્ડની તજવીજ કરેલી તેમજ અન્ય આરોપી રાજુભાઇ શકરાભાઇ પટેલ, રહે.છત્રાલનાઓના નામ પણ ખુલેલા અને આ દરમ્યાન અમારી હિંમતનગર ગ્રામ્ય પો.સ્ટે. ખાતે બદલી થતા આગળની તપાસ પી.આઇ. એ.એલ.ચૌધરીનાઓને સોંપેલી. આ કામના સાહેદ નં.૫ વિલ્સન પી.ફાર્મર, સાહેદ નં.૧૦ દિપકભાઇ પદમાકર થેવડે, સાહેદ નં.૧૧ ભરતકુમાર દામોદરદાસ જોષી, સાહેદ નં.૧૨ રાજુભાઇ મોહનભાઇ પટેલ, સાહેદ નં.૧૪ કાળુસિંહ કચરસિંહ રાઠોડનાઓને વારંવાર સમન્સ તથા વોરંટ કાઢવા છતા બજવણી થતી ન હોય અને નજીકના ભશ્વિષ્યમાં તેઓ મળી આવવાની સંભાવના ન હોય તેઓને આ કામે ડ્રોપ કરવામાં આવેલ છે. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી

**ફો.કે.નં.૯૧૪/૦૮ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ બનાવટી ડ્રાફટ જે તારીખે અને કયા સમયે કોણે જમા કરાવેલ તે જાણવા બેંકના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલા નથી. આ બનાવટી ડ્રાફટમાં કરવામાં આવેલ હસ્તાક્ષરવાળુ લખાણ કયા આરોપી દ્વારા કરવામાં આવેલ તે જાણવા કોઇ હસ્તાક્ષર નિષ્ણાતનો મત લીધેલો નથી. ફરીયાદીશ્રીએ અન્ય ૦૪ દસ્તાવેજની નકલ મારી સમક્ષ રજુ કરેલી તે પંચનામાથી કબજે લીધેલ નહી. આ ૦૪ દસ્તાવેજોનુ લખાણ કોના હસ્તાક્ષરમાં લખાયેલ છે તે જાણવા કોઇ હસ્તાક્ષર નિષ્ણાતનો મત લીધેલો નથી. મારી તપાસ દરમ્યાન આ કહેવાતા બનાવટી ડ્રાફટ નં.૪૫૧૪૨૬ નો અગાઉ પણ અન્ય બેંકોમાં ઉપયોગ થયેલો તે બાબતના ગુના વિજયનગર પો.સ્ટે., સાણંદ પો.સ્ટે. અને સેટેલાઇટ પો.સ્ટે. ખાતે નોંધાયેલા.

**ફો.કે.નં.૬૧/૧૫ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,ફોજદારી કેસ નં.૬૧/૧૫ ના કામે તેઓએ કોઈ તપાસ કરેલ નથી.

**(૧૯)** આ કામે આંક–૨૩૨ થી ત.ક.અ. કિરીટસિંહ પ્રવિણસિંહ ચાવડા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં હુ પોલીસ સબ ઈન્સપેકટર તરીકે પ્રાંતિજ પો.સ્ટે.માં ના હોદ્દા પર ફરજ પર હાજર હતો ત્યારે ફરીયાદી સતીષ પ્રભુદયાલ સીંઘલ, મેનેજર બેંક ઓફ બરોડાનાઓએ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ ઇ.પી.કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦ મુજબની આપેલી જે પી.એસ.ઓ. રમાબેન શંકરલાલનાઓએ નોંધી આગળની તપાસ પી.એસ.આઇ. ઓ.એમ.રબારીનાઓએ સંભાળી લીધેલ અને ત્યારબાદ તેઓની બદલી થતા પો.સ.ઇ. એ.એલ.ચૌધરીનાઓએ તપાસ સંભાળેલી અને ત્યારબાદ તેઓની બદલી થતા પી.એસ.આઇ. કે.આર. પરમાર નાઓએ તપાસ સંભાળેલ અને ત્યારબાદ તેઓની બદલી થતા સદર ગુનાની તપાસ મે સંભાળેલી અને આ ગુનાના કામે નાસતા ફરતા આરોપી રાજુભાઇ કચરાભાઇ પટેલ, રહે.છત્રાલ મોટો માઢ, તા.કલોલ, જી. ગાંધીનગર નાઓને તા.૨૦/૧૨/૨૦૧૪ ના રોજ કલાક ૧૮/૧૫ વાગે અટક કરી કોર્ટ હવાલે કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ હોઇ નામદાર કોર્ટમાં સમય મર્યાદામાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખુ છુ

**ફો.કે.નં.૬૧/૧૫ ના કામે**

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે,આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ના હોવા છતા ખોટી રીતે અટક કરી ખોટુ ચાર્જશીટ કરેલ છેમે મારી સરતપાસમાં જણાવેલ હકીકતો સોગંદ પર ખોટી જણાવુ છું.

સદર કામે સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તેમા ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ફરીયાદીએ તેની ઉલટતપાસમા એ હકિકત કબુલ રાખેલ છે કે આંક–૧૦૩ વાળો ડ્રાફટ અમારી શાખામાંથી કલીયર થઈ ગયો ત્યાં સુધી તે ડ્રાફટ ફેક છે તેવી ખબર ફરીયાદીને ન હતી તેમજ ફરીયાદી ગુજરાતી ભાષા લખી શકતો નથી તેમજ તેમણે એ હકિકત પણ કબુલ રાખેલ છે કે કોઈપણ ડી.ડી. કે, ચેક કોઈપણ વ્યકિતના બચત ખાતામાં કે, ચાલુ ખાતામાં કોઈપણ વ્યકિત જમા કરાવી શકે છે અને જમા કરાવતી વખતે જમા કરાવનાર વ્યકિતનું કોઈપણ જાતનું ઓળખ કાર્ડ માંગવામાં આવતુ નથી. આમ સદર કામે આ કામના આરોપીએ જ આ કહેવાતો બનાવટી ડ્રાફટ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાએ જ જમા કરાવેલ હોઈ અને આરોપી રોહીતભાઈ પરશોતમદાસભાઈ પટેલ અને આરોપી રાજુભાઈ કચરાભાઈ પટેલે મદદગારી કરી હોઈ તે સદર સાહેદની જુબાની ધ્યાને લેતા પુરવાર થતુ નથી.

સદર કામે એકાઉન્ટન્ટ આંક–૧૧૫ થી સાહેદ રમણલાલ જીવણલાલ વાઘેલા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પ્રાંતિજ દેના બેકમાં એકાઉન્ટન્ટ તરીકે તા.૧૩–૧૨–૨૦૦૭ થી ૦૭–૦૯–૨૦૦૯ સુધી ફરજ બજાવેલ છે અને તેમની જુબાની ધ્યાને લઈને પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તેમા તેની ઉલટતપાસમા એ હકિકત કબુલ રાખેલ છે કે ફરીયાદ વાળો ડીમાન્ડ ડ્રાફટ બેક ઓફ બરોડા હિમતનગર શાખામાં કલીયરીગ માટે મોકલતા તે ખોટો હોવા છતાં બેક ઓફ બરોડા હિમતનગર શાખા તરફથી તે અંગે અમોને જાણ કરેલ હોવા છતાં અમારી શાખાને કમીશન મળે તે હેતુથી સદર ડ્રાફટની રકમ આરોપી દિનેશસિંહના ગુલાબસિંહના ખાતામાં ક્રેડીટ બતાવી ડેબીટ કરેલ. જયારે કોઈપણ ખાતામાં કોઈપણ રકમ કોઈપણ રીતે જમા કરાવવા કોઈ વ્યકિત આવે ત્યારે તે વ્યકિત અંગેનું કોઈ

વેરીફીકેશન કરવામાં આવતુ નથી. બેંકમાં ચેકથી કે, ડ્રાફટથી રકમ જમા કરાવવા માટે કલેકશન કાઉન્ટર અલગ હોય છે અને કલાર્ક કક્ષાના કર્મચારી કાર્યવાહી કરતા હોય છે. આંક-૧૦૩ વાળો ડ્રાફટ કોણે, કયારે, કઈ મશીનરી વાપરી કેવી રીતે બનાવ્યો તે અંગે મને કોઈ માહિતી નથી. સદર ડ્રાફટમાં લખેલ વિગતો કોણે ભરી અને તેમાં કોણે સહી કરી તે પણ હું કહી ના શકુ. મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં દિનેશસિંહ ગુલાબસિંહ જાતે રૂબરૂ મારી પાસે આવી આંક-૧૦૩ વાળો ડ્રાફટ તેમના ખાતામાં જમા કરાવેલ તેવી હકીકત મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં લખાવેલ નથી. આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ અમારી શાખાના ખાતેદાર છે અને તેઓ ટ્રાન્ઝેકશન માટે અમારી શાખામાં અવાર નવાર આવતાં હોવાથી તેમજ તેમનો ફોટો તેમના એકાઉન્ટ ઓપનીગ ફોર્મમાં હોવાથી હું તેઓને ફરીયાદવાળા બનાવ પહેલાથી જ ઓળખુ છુ. આમ ઉપરોકત હકિકત ધ્યાને લેતા સદર કામના આરોપી દિનેશસિંહને પહેલેથી જ ઓળખે છે તેમજ ફરીયાદ વાળો ડીમાન્ડ ડ્રાફટ બેક ઓફ બરોડા હિમતનગર શાખામાં કલીયરીગ માટે મોકલતા તે ખોટો હોવા છતાં બેક ઓફ બરોડા હિમતનગર શાખા તરફથી તે અંગે તેઓને જાણ કરેલ હોવા છતાં કમીશન મલે તે હેતુથી સદર ડ્રાફટની રકમ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાના ખાતામા ક્રેડીટ બતાવી ડેબીટ કરેલા. આમ આરોપી દિનેશસિંહ અને અન્ય આરોપીઓએ સદર કામે મદદગારી કરી હોય તે સદર સાહેદની જુબાનીથી શંકાથી પર રહીને પુરવાર થતુ નથી.

આંક-૧૩૩ થી સાહેદ રમેશભાઈ મોહનલાલ પટેલ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ફેબ્રુઆરી મહિનામાં બેંક ઓફ બરોડા, હિમતનગર શાખામાં ઓફિસર તરીકે ફરજ બજાવતો હતા અને તેની જુબાની ધ્યાને લઈએ તો તેમણે તેમની ઉલટતપાસમા જણાવેલ છે કે બેંકમાં

ખાતેદારના ખાતામાં ખાતેદાર સિવાય ની અન્ય કોઈ પણ વ્યકિત પણ રોકડ રકમ, ચેક, ડ્રાફટ જમાં કરાવી શકે. તેમજ વધુમા તેઓ જણાવેલ છે કે જે કામના ભારણથી શનિવાર હોવાથી કલીયરીંગમા આપેલ ચેકો પાસ અને રીટર્ન કરવાનો સમય ઓછો હોવાથી તેમજ તે દિવસે ડ્રાફટના ટેબલ પર કામ કરનાર કર્મચારી રજા પર હોવાથી મને લોન, કલીયરીંગ, રીસીપ્ટ પેમેન્ટ, ટ્રાન્સફર રેમીટન્સના કામ સાથે રજા પર ગયેલ કર્મચારીના ટેબલ પર બેસવાનુ કહેલું જેથી કામના આટલા ભારણથી કહેવાતો બનાવટી ડ્રાફટ મારા દ્વારા પાસ થયેલ છે. બનાવટી ડ્રાફટ મારા દ્વારા કલીયર કરાતા મારી બેંક દ્વારા મને ચેતવણીપત્ર આપેલો. બનાવટી ડ્રાફટ કોણે, કયારે અને કઇ મશીનરી દ્વારા તૈયાર કરેલો તેની મને કોઇ જાતમાહિતી નથી. બનાવટી ડ્રાફટ બેંક ઓફ બરોડામાં કોણે જમા કરાવેલો તેની પણ મને કોઇ જાતમાહિતી નથી આમ સદર સાહેદની જુબાનીથી પણ આરોપીઓને શંકાથી પર રહીને કસુરવાર ઠરાવી શકાય નહી.

આંક–૧૭૫ થી દિનેશભાઈ સદાભાઈ પરમાર પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં દેના બેંક હિંમતનગર શાખામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતો હતા અમારી બેંકમાંથી આરોપી પાસે એક પણ રૂપીયો ગયેલો નથી. બેંક એકાઉન્ટમાં ચેક જમા કરાવવાનો હોય, રકમ જમા કરાવવાની હોય કે ડી.ડી. જમા કરાવવા નો હોય તો તે ખાતા ધારક સિવાય બીજો કોઇ વ્યકિત પણ જમા કરાવી શકે. આ ડી.ડી. સીધો કોઇએ અમારી હિંમતનગર શાખામાં જમા કરાવેલ નહી. પ્રાંતિજ શાખામાં આ બનાવટી ડી.ડી. કોણે જમા કરાવેલ તે હુ ચોકકસ કહી શકુ નહી. આ બનાવટી ડ્રાફટ ચોકકસ કોણે બનાવેલો તે હુ કહી શકુ નહી.

આમ સદર સાહેદની જુબાનીને આધારે પણ સદર કામે આરોપીઓને શં કાથી પર રહીને કસુરવાર ઠરાવી શકાય નહી.

વધુમા સદર કામે આંક–૧૮૫ થી સાહેદ જનકભાઈ મોહનલાલ સુથાર પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ બેંક ઓફ બરોડા, કડી શાખામાં મેનેજર તરીકે ફરજ બજા વતો હતો સદર સાહેદ તેઓની ઉલટતપાસમા એ હકિકત કબુલ રાખેલ છે કે જે વ્યકિતના નામનો ચેક અથવા ડ્રાફટ હોય તે વ્યકિતના ખાતામાં કોઇપણ અન્ય ત્રાહિત વ્યકિત તે ખાતામાં જમા કરાવી શકે. આ બનાવટી ડ્રાફટ દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા નામના વ્યકિતએ તેના ખાતામાં જમા કરાવ્યો હોય તેની મને કોઇ જાતમાહિતી નથી. એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ કોઇ ત્રાહિત વ્યકિતએ પણ જમા કરાવેલો હોય કે કેમ? એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ જમા થયા પછી આરોપીના ખાતામાંથી નાણા ઉપડેલા કે કેમ? ડ્રાફટ એ બેંકનો સીકયુરીટી દસ્તાવેજ કહેવાય. એ વાતની મને ખબર નથી કે આ ડ્રાફટ બેંક એક જ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવવા માટે મોકલાવે છે કે કેમ? કયા નંબરના ડ્રાફટ કઇ બ્રાંચને મોકેલ છે તેની માહિતી હેડ ઓફીસને હોય. એ વાતની મને ખબર નથી કે આ બનાવટી ડ્રાફટ અમારી બ્રાંચમાંથી ઇસ્યુ કરવામાં આવેલો કે કેમ? આમ તેઓની જુબાની થી પણ આ કામે આરોપીએને શંકાથી પર રહીને કસુરવાર ઠરાવી શકાય નહી.

સદર કામે આંક–૧૮૭ થી સાહેદ જગતસિંહ ધુળસિંહ રાઠોડ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે મારૂ તા.૨૦/૦૨/૨૦૦૮ ના રોજ નિવેદન લીધેલુ જેમાં લખાવેલ કે, દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા, રહે. કમાલપુરનાઓ પ્રાંતિજ એપ્રૌચ રોડ પર મોટર રીવાન્ડિંગ તથા જમીન લે-વેચનો ધંધો કરે છે દિનેશસિંહે મને મારા મોબાઇલ પર ફોન કરી તેમની ઓફીસે બોલાવેલો અને ત્યાં આગળ ડોકટર તથા બીજા એક ભાઇ મુળસિંહ લાલુસિંહ રાઠોડ તથા દિલીપસિંહ રાઠોડ આ બધા બેઠેલા હતા હુ પણ ત્યાં બેસેલો અને તે સમયે ડોકટર સાથે આવેલ ભાઇ જેઓને મે તે દિવસે જોયેલા

તે પહેલા જોયેલા નહી અને તેઓએ તેમના પહેરેલ શર્ટના ઉપરના ખિસ્સામાંથી એક સફેદ કવર કાઢેલુ અને તેમાંથી એક ડ્રાફટ કાઢી ડોકટરને આપેલ અને જણાવેલ કે બાના પેટે આ ડ્રાફટ દિનેશસિંહને આપો જે ડ્રાફટને મે હાથ પણ લગાવેલ નથી કે તેના પર શુ લખેલ છે તે પણ મે જોયેલ નથી વધુમા આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવટી ડ્રાફટ ડોકટરે દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાને મારી રૂબરૂ આપેલો પરંતુ કયો ડ્રાફટ તેની કોઈ જ ચોકકસ રજુઆત આ કામે જુબાની ધ્યાને લેતા જણાઈ આવે છે આમ સદર સાહેદ આરોપી દિનેશસિંહ સાહેદનો મીત્ર હોવાથી આોળખે છે અને સદર સાહેદની જુબાનીથી આ કામના આરોપીઓને શંકાથી પર રહીને કસુરવાર ઠરાવી શકાય નહી.

આંક–૧૯૧ થી પંચ સાહેદ વિષ્ણુપ્રસાદ હરીભાઈ લીંબાચીયા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ બેંક ઓફ બરોડા, હિંમતનગર શાખામાં ડીપાર્ટમેન્ટલ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો અને બનાવટી ડ્રાફટ બાબતે ફરીયાદી સતીષ પ્રભુદયાલ, બેંક ઓફ બરોડાના મેનજરે ફરીયાદ આપેલી અને આ બનાવટી ડ્રાફટ બાબતે પંચનામુ કરવાનુ હોઇ પોલીસે મને સમજ કરેલી અને મે સંમતિ આપેલી બનાવટી ડ્રાફટ ફરીયાદીએ રજુ કરતા જે ડ્રાફટ આછા વાદળી રંગનો અને તેની ઉપર જોતા વચ્ચેના ભાગે અંગ્રેજીમાં PATRI લખેલુ અને જેની ડાબી બાજુએ હિન્દી તથા અંગ્રેજીમાં બેંક ઓફ બરોડા, કડી, જી.મહેસાણા ૩૮૨૭૧૫ લખેલુ જે તા.૩૦/૦૧/૨૦૦૮ લખેલુ અને ડ્રાફટ ઉપર On Demand Pay Dineshsinh Gulabsinh Zala લખેલુ અને Rupees Four Lacks Eighty For Thousand Only લખેલુ અને આંકડામાં રૂ.૪,૮૪,૦૦૦/- લખેલુ ડ્રાફટની જમણી સાઈડે ૯૮૭૬૫૦૩૨૧ લખેલ જે ઉભી લાઇનમાં લખેલ આ ડ્રાફટના નીચેના ભાગે

ll'૪૫૧૪૨૬'ll ૦૦૦૦૧૨૦૦૦ll૨૦૦૧૪૯ll૧૬ એ રીતે લખેલ અને ડ્રાફટની ડાબી બાજુ વાદળી સીકકાથી A/C Payees Only લખેલ અને આ પંચનામુ તા.૧૧/૦૨/૨૦૦૮ ના કલાક ૧૩/૧૫ થી ૧૩/૩૫ થી કરેલુ આજરોજ મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૯૨ આપવામાં આવે છે. આજરોજ મને આંક-૧૦૩ વાળો ડ્રાફટ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તે એ જ ડ્રાફટ છે જે પંચનામાં સમયે અમો પંચ રૂબરૂ રજુ કરેલો આમ સદર સાહેદની જુબાની ફરીયાદી પાસેથી આંક–૧૦૩ વાળો દસ્તાવેજ કબજે કરવાનુ પંચનામુ છે જે ફકત મુદામાલ કબજે કર્યા અંગેનુ છે તેનાથી આરોપીઓ શંકાગી પર રહીને કસુરવાર ઠરાવી શકાય નહી.

આંક–૨૦૬ થી સાહેદ રાકેશકુમાર બાબુલાલ દોશી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,વર્ષ ૨૦૦૮ ની સાલમાં હુ દેના બેંક પ્રાંતિજ શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતો હતો હુ સને ૨૦૦૬ ની સાલમાં દેના બેંક પ્રાંતિજ શાખામા બ્રાંચ મેનેજર તરીકે ટ્રાન્સફર થઇ આવેલો. કોઇપણ વ્યકિતના બચતખાતામાં અન્ય કોઇપણ વ્યકિત રોકડ રકમ, ચેક અને ડ્રાફટ જમા કરાવી શકે. બચતખાતામાં રોકડ રકમ, ચેક અને ડ્રાફટની લેવડ દેવડની કામગીરી મેનેજર તરીકે મારા હિસ્સામાં આવતી નથી. આરોપી દિનેશસિંહ ગુલાબસિંહના ખાતામાં કહેવાતો ડ્રાફટ કોણ જમા કરાવી ગયેલુ તે બાબતે હુ ચોકકસપણે કહી શકુ નહી. કહેવાતો ડ્રાફટ બનાવટી હોવાની પ્રથમદર્શનીય જાણ અમારી બેકને થયેલી નહી. કહેવાતો ડ્રાફટ બનાવટી હોવાની પ્રથમદર્શનીય જાણ હિંમતનગર દેના બેંક બ્ર ાંચને થયેલી નહી. આ કહેવાતો બનાવટી ડ્રાફટ કોણે તૈયાર કરેલો તેની મને કોઇ જાતમાહિતી નથી. આમ સદર સાહેદની જુબાનીને આધારે પણ સદર કામના આરોપીઓને શંકાથી પર રહીને આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહી.

આંક–૨૨૬ થી ત.ક.અ. અઠાભાઈ લાલજીભાઈ ચૌધરી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આ કામે ફકત ચાર્જશીટ રજુ કરેલુ તે સિવાય આ કામે કોઇ તપાસ કરેલ નથી. વધુમા ત.ક.અમલદાર આંક–૨૨૯ થી સાહેદ ઓઘારભાઈ મફતભાઈ દેસાઈ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૦૮માં હુ પોલીસ ઇન્સપેકટર તરીકે પ્રાંતિજ પો.સ્ટે.માં ફરજ પર હાજર હતો ત્યારે ફરીયાદી સતીષ પ્રભુદયાલ સીંઘલ, મેનેજર બેંક ઓફ બરોડાનાઓએ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ બનાવટી ડ્રાફટ જે તારીખે અને કયા સમયે કોણે જમા કરાવેલ તે જાણવા બેંકના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલા નથી. આ બનાવટી ડ્રાફટમાં કરવામાં આવેલ હસ્તાક્ષરવાળુ લખાણ કયા આરોપી દ્વારા કરવામાં આવેલ તે જાણવા કોઇ હસ્તાક્ષર નિષ્ણાતનો મત લીધેલો નથી. ફરીયાદીશ્રીએ અન્ય ૦૪ દસ્તાવેજની નકલ મારી સમક્ષ રજુ કરેલી તે પંચનામાથી કબજે લીધેલ નહી. આ ૦૪ દસ્તાવેજોનુ લખાણ કોના હસ્તાક્ષરમાં લખાયેલ છે તે જાણવા કોઇ હસ્તાક્ષર નિષ્ણાતનો મત લીધેલો નથી. આંક–૨૩૨ થી ત.ક.અ. કિરીટસિંહ પ્રવિણસિંહ ચાવડા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં હુ પોલીસ સબ ઇન્સપેકટર તરીકે પ્રાંતિજ પો.સ્ટે.માં ના હોદ્દા પર ફરજ પર હાજર હતો ત્યારે ફરીયાદી સતીષ પ્રભુદયાલ સીંઘલ, મેનેજર બેંક ઓફ બરોડાનાઓએ આરોપી દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલાનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ ઇ.પી.કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦ મુજબની આપેલી જે પી.એસ.ઓ. રમાબેન શંકરલાલનાઓએ નોંધી આગળની તપાસ પી.એસ.આઇ. ઓ.એમ.રબારીનાઓએ સંભાળી લીધેલ અને ત્યારબાદ તેઓની બદલી થતા પો.સ.ઇ. એ.એલ.ચૌધરીનાઓએ તપાસ સંભાળેલી અને ત્યારબાદ તેઓની બદલી

થતા પી.એસ.આઇ. કે.આર. પરમાર નાઓએ તપાસ સંભાળેલ અને ત્યારબાદ તેઓની બદલી થતા સદર ગુનાની તપાસ મે સંભાળેલી અને આ ગુનાના કામે નાસતા ફરતા આરોપી રાજુભાઇ કચરાભાઇ પટેલ, રહે.છત્રાલ મોટો માઢ, તા.કલોલ, જી. ગાંધીનગર નાઓને તા.૨૦/૧૨/૨૦૧૪ ના રોજ કલાક ૧૮/૧૫ વાગે અટક કરી કોર્ટ હવાલે કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ હોઇ નામદાર કોર્ટમાં સમય મર્યાદામાં ચાર્જશીટ કરેલુ.

આમ ઉપરોકત ચર્ચા કરેલ છે તે ધ્યાને લેતા અને સદર કામે તપાસમા પણ ત્રુટી રહેલી જણાય આવે છે સદર કામે ડ્રાફટ અસલી છે કે નકલી તે અં ગે કોઈ સાયન્ટીફીક રીતે પુરવાર કરવા એફ.એસ.એલ.ની મદદ લીધેલ નથી તેમજ આ કામે આરોપીઓના સહીઓના નમુના લીધેલ નથી કે તેઓએ જ આ બનાવટી દસ્તાવેજ બનાવેલ છે અને બેન્કમા તેઓએ જ જમા કરાવેલ છે કે કેમ? વધુમા બેન્કના સીસીટીવી ફુટેજ મેળવેલા નથી.વધુમાં બેંક માં થી સદર કહેવાતા ડીમાન્ડ ડ્રાફટ ના પૈસા દિનેશસિંહે ઉપાડેલા નથી તેમજ તે નાણાં ફકત બેંક ધ્વારા ક્રેડીટ/ડેબીટ થયેલા જણાઈ આવેલ છે જે સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો આ કામના આરોપીઓ એ એક તબકકે માની લઈએ કે આંક–૧૦૩ વાળો દસ્તાવેજ બનાવટી છે તો પણ આ કામના આરોપીએ જ તે બનાવેલ હોઈ અને તેને જાતે બેંકમા રજુ કરેલ હોઈ તેવુ એક પણ સાહેદની જુબાનીથી જણાઈ આવતુ નથી સદર કામના આરોપીના ખાતામા ફકત પૈસા જમા થયેલા છે તેઓએ ઉપાડેલ નથી. આમ આરોપી  દિનેશસિંહની વાત આવે ત્યારે ઉપરોકત રજુ થયેલ પુરાવાઓ જોતા શંકા જણાઈ આવે છે આથી આરોપી દિનેશસિંહને શંકાનો લાભ આપવો ઉચીત જણાઈ આવે છે. જયારે અન્ય સદરહુ કેસના સહ આરોપીઓનો આક્ષેપ જોતા ફરીયાદપક્ષ સાબીત કરવામા સફળ થતા નથી.

આમ, ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખતાં આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત શંકાથી પર રહીને સાબિત થતી ન હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમાં**'' આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: આખરી હુકમ ::–**

૧. ફોજદારી કેસ નં.૯૧૪/૨૦૦૮ના આરોપી નં.(૧) દિનેશસિંહ ગુલાબસિંહ ઝાલા રહે.કમાલપુર,તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠાને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૪૮(૧) ની જોગવાઈ મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. ફોજદારી કેસ નં.૯૧૪/૨૦૦૮ના આરોપી નં.(૨) રોહીતભાઈ પરશોતમદાસ પટેલ રહે. સમલાપુર, તા. ઈડર, જી. સાબરકાંઠાનાઓનો ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે હુકમ થયેલ હોઈ સબબ ગુનાના કામે આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે. ફોજદારી કેસ નં.૬૧/૨૦૧૫ના આરોપી રાજુભાઈ કચરાભાઈ પટેલ .ઉ.વ ૫૦, હાલ રહે. રાજઅક્ષર સોસાયટી મકાન નં. ૮ હાડગુડ આણંદ. મુળ રહે. છત્રાલ મોટો માઢ તા. કલોલ જી. ગાંધીનગરવાળાને ભારતીય

દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૪૮(૧) ની જોગવાઈ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામના મુદામાલ ડીમાન્ડ ડ્રાફ્ટ જેનો આંક–૧૦૩ પડેલ છે તે પુરવણી ફોજદારી કેસ નં .૩૬૩/૨૦૧૮ ચાલુ હોઈ આ કેસમા તેની નકલ રાખી અસલ આંકે પડેલ દસ્તાવેજ નાઝીર શ્રીની સેઈફ કસ્ટડીમા રાખવાનો હુકમ કરવામા આવે છે આ કામે મુદ્દામાલ ડીમાન્ડ ડ્રાફ્ટ અંગેનો હુકમ ફોજદારી કેસ નં .૩૬૩/૨૦૧૮ ના કેસને આધીન રહેશે.

૩. આરોપીઓના ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ– ૪૩૭ (એ) મુજબના જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**(ભાર્ગવસિંહ રવસિંહ સોલંકી)**
એડી. ચીફ જ્યુડી. મેજી. , પ્રાંતિજ.
(જજ કોડ નં.જીજે૦૦૯૧૯)

//S.C.P.//